ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## અલ્લાહનું ફરમાન

**ફારસી કવિ શેખ સાદીએ કહયું છે કે,**

**''નીમ નાની ગર ખુરદ મર્દે ખુદા,**

**બઝલે દુરવે શાં કુનદ નીમી દિગર!''**

અલ્લાહના પ્રિય બંદાઓ અર્ધી માંથી અર્ધી રોટલી નિર્ધનોને આપીને જ ખાવા બેસે છે. અલ્લાહની રાહમાં ખર્ચ કરતી વખતે નીચેની આયતમાં વર્ણવેલા લોકોને શોધીને એમને પ્રાથમિકતા આપવી જોઇએ.

**અલ્લાહ તઆલા ફરમાવે છે કે, ''વિશેષ રૂપે મદદના હકદાર એ નિર્ધન લોકો છે જેઓ અલ્લાહની રાહમાં ઘેરાઇ ગયા છે કે જાતે પોતાના રોજગાર માટે ધરતી ઉપર કોઇ દોડધામ કરી શકતા નથી. તેમનું સ્વમાન જોઇને કોઇ અજાણી વ્યકિતને એમજ લાગે છે કે તેઓ સુખી - સંપન્ન છે પણ તમે એમના ચહેરા પરથી એમની આંતરિક પરિસ્થિતિનો અંદાજ કાઢી શકો છો. આ પ્રકારના નિર્ધન લોકો કોઇની પાછળ પડી જઇને માંગ માંગ નથી કરતા.'' ( ૨:૨૭૩)**

મધ્યકાળના અમીર - ઉમરાવો સમાજના યતીમ, વિધવા અને સ્વમાની મોહતાજોની ચુપચાપ જાત માહિતી મેળવતા રહેતા હતા અને છૂપી રીતે એમને સહાય કરતા રહેતા હતા.

આજે પણ આપણી આજુ બાજુ એવાં કેટલાક લોકો છે જેમને સામે ચાલીને મદદ કરવું જરૂરી બની ગયું છે.

■ **મસ્ત મંગેરા - કાંગવઇ**

જમાદીઉલ આખર ૧૪૪૩ જાન્યુઆરી ૨૦૨૨ તંત્રીઃ મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## જાહેર આમંત્રણ

આપણા પરદેશવાસીઓ ડીસેમ્બર - જાન્યુઆરીમાં વતનની મુલાકાતે આવતા હોય છે. આ તકે હમો તમામ ગામેગામના પરદેશથી પધારેલા મહેમાનોને જાહેર આમંત્રણ પાઠવી રહયા છીએ કે એઓ આપણી કૌમની કોસંબા ખાતેની એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટની જરૂરથી મુલાકાત લે તથા દરેક ગામના કાર્યકરો, હમદર્દો, હિતેચ્છુઓને નમ્ર વિનંતી કરી રહયા છીએ કે આપના ગામમાં પરદેશથી પધારેલા મહેમાનોના નામો વહોરા સોસાયટીની ઓફીસે સુરત મુકામે લખી મોકલશો અથવા ફોન ઉપર લખાવી આપશો કે જેથી સોસાયટીની જનરલ મિટીંગ પ્રસંગે તથા અન્ય પ્રસંગે એમને આમંત્રણ પાઠવી શકાય. **સોસાયટીની વાર્ષિક જનરલ મિટીંગ તા.૧૩-૨-૨૦૨૨ ના રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા મુકામે** મળનાર હોય મહેમાનોને પણ ખાસ પધારવા આમંત્રણ છે.

**આપના સહકારના અભિલાષી.**

## જઝાકુમુલ્લાહ

- **હાજી આઝમ મોહંમદ હાટીયા પબ્લીક એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, રાંદેર** તરફથી **રૂા. ૧,૦૦,૦૦૦/- લીલ્લાહ** ના **હાયર એજયુકેશનફંડ**માં મળ્યા છે.
- **જનાબ જમાલભાઇ મુંબઇ** તરફથી **રૂા. ૧૫,૦૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ**માં મળ્યા છે.
- **જનાબ હાસીમભાઇ નાખુદા સા. સુરત** તરફથી **રૂા. ૧૫,૦૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ**માં મળ્યા છે.
- **મોહતરમા સારાબીબી ગુલામમહમદ અશરફ સા. રાંદેર** તરફથી **રૂા.૧૦૦૦૦/-** સોસાયટીના ફીદીયાફંડમાં **જ. મહમદભાઇ અબુબકર અશરફ સા.** હસ્તે મળ્યા છે.

| બેવાફંડ | બેંક વ્યાજ |
|---|---|
| ૫૦૦ એક મુસ્લિમભાઇ તરફથી વરીયાવ | ૩,૦૦૦ જ.ઇસ્માઇલભાઇ મુસા સા. બ્રેડફોર્ડ |

**અલ્લાહપાક મદદ આપનારા અપાવનારા સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.**

## વહોરા સમાચાર ગ્રાહક જોગ OF CANADA WASI

અલ્લાહપાકના ફઝલો કરમથી આપણું વહોરા સમાચાર સમયસર પ્રસિધ્ધ થાય છે અને તમારા સુધી તથા દુન્યામાં વસ્તા આપણા વહોરા બિરાદરો સુધી પહોંચાડવાની કોશીષ ચાલુ છે. છેલ્લા ઘણા વર્ષોથી તથા LAST TWO YEARS COVID-19 ના પ્રોબ્લમથી લવાજમ ઘણા ગ્રાહકોનું બાકી પડે છે.

CANADA માં વસ્તા મીસીસઆગા, બ્રેમ્પટન, કેમ્બ્રીજ, સ્કારબોરો તથા ટોરન્ટો ના અન્ય વિસ્તારો માંથી આપણા મુખ્લીસ ભાઇઓ અને ગ્રાહકોએ લગભગ **૪ લાખ** જેટલું લવાજમ ભેગુ કરી મોકલ્યું છે. **જઝાકુમુલ્લાહ.** પરંતુ હજુ લગભગ ઘણા ગ્રાહકોનું લવાજમ બાકી પડે છે.

**અમારી આપ સૌને દરખાસ્ત છે કે,**

(૧) આપનું બાકી લવાજમ મોકલી આપી સંસ્થાને મદદરૂપ થઇ આભારી કરશો.

(૨) ગ્રાહકોએ વહોરા સમાચાર પેપર બંધ કરાવવા અથવા સરનામું બદલવાનું હોય તો નીચે આપેલ નામ-નંબર ઉપર જાણ કરવા વિનંતી.

**આના માટે આપણા બિરાદરીના નીચે મુજબના સાથીઓનો સંપર્ક કરશો.**

(1) YUSUF MOTALA - SCARBOROUGH - 647 402 1949,

(2) MOHAMED MEHTA - CAMBRIDGE - 416 400 0600

(3) AIYUB PANCHBHAYA - TORONTO - 416 466 6871

(4) EDREES BHAIYAT - MALTON - 416 561 9684

(5) SABBIR A. MEHTA - CAMBRIDGE - 226 606 9784

અલ્લાહપાક (SWT) આપ લોકોની કુર્બાનીને કબુલ ફરમાવે. આમીન. **દુઆગો - મસ્ત મંગેરા**

## વહોરા સમાચાર

### ■ હદીશ શરીફ

૧. તમારા માંથી કોઇ માણસ લાકડાનો ભારો પીઠ પર નાંખીને લાવે અને તેનાથી પોતાનું ગુજરાન ચલાવે તો એ કોઇની પાસે માંગે તેના કરતાં સારું છે.

૨. વૃક્ષો વાવો અને ફળદ્રુપ / ઝરખેઝ જમીનમાં બી વાવો, આજ કામો માનવજાતિ પ્રત્યે સદ્દભાવના છે.

### ■ ચિંતન

૧. મનુષ્ય કેવો દેખાઇ તે મહત્વનું નથી પણ તે કેવો છે તે મહત્વનું છે.

૨. સારો માણસ તે છે જે બીજાઓ માટે સારું કરે છે.


અંક : ૦૧

માસ : જાન્યુઆરી ૨૦૨૨

માહે : જમાદિઉલ આખર ૧૪૪૩

તંત્રી : મસ્ત મંગેરા


### ■ એક શેર :-

જીવનમાં તો સરળ રસ્તા કોઇ ક્યાંથી રહેવા દે,
મરણની બાદ પણ જ્યાં લોક ખાડામાં ઉતારે છે!!

- બેફામ

### ■ વિચારી લેજો.

**તું કેટલા સમય સુધી ઇન્કાર કરતો રહીશ ?**

અરે, ભંગુર માનવ તને ભાન કયારે આવશે ? કેટલા સમય સુધી તું જંગલમાં ઠોકરો ખાતો ભટકતો રહીશ ? તને ગેરરસ્તે અને દોરવાઇ જવાની ટેવ પડી ગઇ છે. હવે તને શરમ લાગશે કે નહીં ? જયારે તારાં અપ્રગટ પાપ બહાર આવશે ત્યારે તું શું કરીશ ?

( સુરએ રહમાન )

## ■ તંત્રી સ્થાનેથી...!

**ન સમજોગે તો મીટ જાઓગે એ હિંદુસ્તાં વાલો**
**તુમ્હારી દાસ્તાં તક ભી ન હોગી દાંસ્તાનોમેં !**

- ડૉ. ઇકબાલ

વર્ષો પહેલાં લખાયેલી આ કાવ્યપંકિત આજે સાચી પડતી લાગે છે.

જુદા જુદા માધ્યમો દ્વારા હાલમાં જે પરિસ્થિતિ સર્જાય રહી છે. એ ભારે દુ:ખ આપનારી બની રહે છે.

દેશ અને રાજયમાં મહત્વની જે ત્રણ સંસ્થાઓ છે તેમા પહેલી કાયદા બનાવનારી સંસ્થા જે લેજેસ્લેટીવ છે. રાજય અને આખા રાષ્ટ્રની. બીજી કાયદાનો અમલ કરનારી સંસ્થાઓ જે એકઝીકયુટીવ / અમલીકરણ કરનારી ગણાય છે. અને ત્રીજી જયુડીસીયરી - ન્યાયતંત્રની :- એ ત્રણે કક્ષાએથી આપણી બાદબાકી થતી રહી છે.

એમાં આપણી હાજરી તદ્દન જ ઓછી છે. અને લોકોને પણ આ પરિસ્થિતિ કોઠે પડી ગઇ છે.

હમણાંજ નાનાથી મોટા ગામડાઓમાં ચૂંટણી થઇ એમાં આપણો સમાજ/કૌમ જ અંદર અંદર લડતી રહી. ખર્ચ પણ કરતી રહી. અને સાથે રહી મળી સમજી કામ લેવાને બદલે જૂદી પડતી ગઇ. પ્રશ્ન એ છે કે હજી આપણે કેટલા પાછળ જવું છે.

જયાં મદદ કરવાની ખર્ચ કરવાની જરૂર છે. ત્યાં મદદ મળતી નથી. હતાશા જ મળે છે.

આપણે આપણા બાળકોને વધુ થી વધુ શિક્ષિત કરવાની જરૂર છે. વર્તમાન પત્રોમાં ખોટાં કર્મોમાં આવતાં નામો વાંચી આઘાતથી ભારેમાં ભારે તકલીફ થઇ રહી છે.

મા-બાપ-વાલીઓ પોતાના સંતાનો માટે તદ્દન બેદરકાર છે. હવે તો સમઝો.

આ બધી વાતો લખતાં પણ સંકોચ જાય છે.

અલ્લાહપાક સમજ આપે - એવી દુઆ.

- મસ્ત મંગેરા (કાંગવઈ)


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## કયામતથી જન્નત સુધી

**- મુસાજી દીપક બારડોલીકર**

પુનર્જીવન પછી હશ્રના મેદાનમાં લોકોનું ત્રણ ભાગમાં વર્ગીકરણ કરાશેઃ ઇમાનમાં પ્રથમ ક્રમે રહેનારા, જમણી તરફના અને ડાબી તરફના. ડાબા હાથ પરના જૂથમાં ગુનેગારો, નાફરમાનો, ઉદ્ધતો, અભિમાનીઓ હશે. તેમની દશા વિશે સુરહ અલ-વાકીઆમાં ફરમાને ઇલાહી છે.

☛ તે આગના ઉગ્ર સુસવાટા અને ઉકળતા પાણી મધ્યે અને કાળા ધુમ્રની છાયામાં હશે, જે ન ઠંડી છે, ન આહલાદક. (૫૬:૪૨-૪૪)

☛ પછી ઓ નકારનારા ગુમરાહો, (તમે) ઝકકુમનું ઝાડ ખાશો અને તેનાથી ઉદર ભરશો. અને તેના ઉપર ઉકળતું પાણી પીશો, પ્યાસા ધાંધણી મચાવતા ઉંટો માફક. (૫૬:૫૧-૫૫)

☛ નિઃ શંક, જહન્નમ લાગ જોઇને બેઠી છે. એ મંઝીલ છે હદ ભંજકોની. તેઓ તેની અંદર યુગો સુધી રહેશે. ત્યાં તેમને ઠંડક યા કોઇ પીણાની લિજજત માણવા નહીં મળે, સિવાય કે ઉકળતું પ્રવાહી. અને કાળું - ઘેરૂં અતિશય ટાઢું (પક્ષાઘાતક) પ્રવાહી. (૭૮:૨૧-૨૫)

☛ એ દિવસે અઝાબ, તેમને (ઇમાનહીનોને) આવરી લેશે, તેમના ઉપરથી અને તેમના નીચેથી. અને તે (અલ્લાહ) કહેશેઃ ચાખો તમારાં કર્મના ફળ. (૨૯:૫૫)

☛ (ઇમાનહીનોને કહેવામાં આવશે) ત્યાં ચાલો, જેને તમે નકારતા હતા. ચાલો, ધુમ્રના ત્રણ પાંખાળા પડછાયા તરફ, (જે ઉપજાવતો ) નથી ઠંડકભરી ઝાંય કે ભભૂકતી જવાળા સામે બચાવ. ખચીત એ (મસ મોટા) તણખા ઉડાડે છે! જાણે જાફરાની ઉંટોના કાફલા. અતિ દુઃખદ હશે એ દિવસે હશે નકારનારાઓ માટે. (૭૭:૨૦-૩૪)

☛ અને તમે શું જાણ્યું કે સકર (જહન્નમની આગ) શું છે ? તે (કોઇ ગુનેગારને) જતો કરતી નથી અને તે (કંઇ પણ) બાળ્યા વિના રહેતી નથી. માણસને (બાળી) કાળોકટ કરી નાંખે છે. તેના પર ઓગણીસ (દરોગા) છે. અને જહન્નમના દરોગા તરીકે અમે ફકત ફરિસ્તા નિયુકત કર્યા છે. ( ૭૪:૨૭-૩૧)

☛ અને જેમણે પોતાના રબને નકાર્યો તેમના માટે જહન્નમનો અઝાબ છે. અને બૂરૂં ઠેકાણું છે. તેમને જયારે તેની અંદર નાંખવામાં આવશે તો તેઓ તેની ગર્જના સાંભળશે. જાણે તે ઉકળી રહી હશે, જાણે તે ક્રોધાવેશમાં હમણાં ફાટી પડશે ! (૬૭:૬-૮)

☛ અમારી આયતોને જેમણે નકારી અને તેના પ્રત્યે તુમાખી દર્શાવી તેમના માટે જન્નતના દરવાજા ખુલશે નહીં, ત્યાં સુધી કે સોયના નાકામાંથી ઉંટ પસાર ન થઇ જાય ! તેમના માટે છે દોઝખ અને ગુનેગારોને અમે એવી જ શિક્ષા કરીએ છીએ. એવા લોકો માટે પથારી અને ઓછાડ બન્ને (જહન્નમની આગના) હશે. દુરાચારીઓને અમે આવી શિક્ષા કરીએ છીએ. (૭:૪૦-૪૧)

☛ જેમણે અમારી આયતોને નકારી છે તેમને અમે ટૂંકમાં જ આગમાં નાંખીશું. તેમની ત્વચા જેટલી વાર બળશે, અમે નવી ત્વચા ચઢાવી દઇશું, કે જેથી તેઓ હંમેશ અઝાબનો સ્વાદ ચાખતા રહે ! (૪:૫૬)

હવે જોઇશું જહન્નમની જઝા વિશેની કેટલીક હદીસો. ઇબ્ને મુબારકે (રહ.) ખાલિદ ઇબ્ને અબૂ ઇમરાનની પરવાનગીથી વર્ણવ્યું છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, આગમાં નંખાનારાઓને આગ તેમનાં દિલો સુધી બાળી નાખશે. તેઓ પાછા તેમનું મૂળ સ્વરૂપ પામશે અને તે (બળણ) ફરી શરૂ થશે તેમના હૃદય સુધી પહોંચ્યા સુધી. આમ હંમેશા થાતું રહેશે. (અઝ-ઝૂહદ, તફસીર કુરતુબી)

## આગના જોડા :

હઝરત અબૂ - સઈદ ખુદરી (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, જહન્નમમાં ઓછામાં ઓછી શિક્ષાવાળાને આગના જોડા પહેરાવવામાં આવશે. એ જોડાની તપીશથી તેનું મગજ ખદબદવા લાગશે. (મુસ્લિમ)

એના અન્ય વર્ણનમાં આ શબ્દો છે કે : જહન્નમવાસીની સાદામાં સાદી શિક્ષા આ હશે, માણસના પગમાં (આગના) સેન્ડલ હશે અને તેના કારણે તેનું ભેજું ઉકળવા લાગશે. (મુસ્લિમ)

## રડશો વિશેષ :

હ. અનસ (રદિ.) વર્ણવે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું,જેના હાથમાં મુહમ્મદનો પ્રાણ છે તેના કસમ, હું જોઉ છું તે અગર તમે જૂઓ તો તમે રડશો વિશેષ અને હાસ્ય ઓછું કરશો. સહાબા (રદિ.) એ પૂછયું, ઓ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ, આપ શું જૂઓ છો ? આપ સલ્લલાહુ અલયહિ વસલ્લમે કહયું, હું જન્નત અને જહન્નમને જોઉ છું. (મુસનદ અહમદ)

હ.અનસ (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, અગર જહન્નમની આગનો એક તણખો પૂર્વમાં હોય તો તેનો ગરમાટો પશ્ચિમમાં મેહસુસ થાય. (તરઘીબ વ તરહીબ, કન્ઝુલ ઉમ્માલ)

## સખત શિક્ષા :

અબૂ- બકર ઇબ્ને અબૂ - દુનિયાએ નોંધ્યું છે કે ઈબ્ન મસૂદ (રદિ.) એ લોકોને પૂછયું, જહન્નમવાસીઓમાંના કયાને સખત શિક્ષા કરવામાં આવશે ? એક માણસે જવાબ આપ્યો, દંભીને. તેમણે કહયું, તમે સાચું કહો છો. ત્યાર પછી તેમણે પૂછયું, તમે કહી શકો છો કે તેમને કેવી રીતે શિક્ષા કરશે ? તેમણે કહયું તેમને લોખંડી પાંજરામાં પૂરવામાં આવશે અને તેને હીઝન તરીકે ઓળખાતી ભઠ્ઠીમાં કે જે જહન્નમના સૌથી નીચેના ભાગમાં આવેલી છે, ત્યાં મૂકવામાં આવશે. દરેક જણને તેના કર્મના હિસાબે શિક્ષા કરવામાં આવશે.

ઇબ્ને અબૂ અદ- દુનિયાએ નોંધ્યું છે કે વહબ ઇબ્ને મુનબ્બી વર્ણવે છે કે : જેઓ જહન્નમને પાત્ર છે તેઓ ત્યાં રહેશે. તેમને બહાર નીકળવાનો રસ્તો મળશે નહીં. અને તેઓ ઉંઘી શકશે નહીં, મરશે પણ નહીં. તેઓ આગમાં ચાલશે, આગ ઉપર બેસશે. અને પરૂ પીશે. તેમની પથારી આગની, તેમના પહેરણ આગ અને ડામરના બનેલાં હશે, આગ તેમના ચહેરાને આવરી લેશે. જહન્નમમાંના સૌ જંજીરોમાં જકડાયેલાં હશે, અને જહન્નમના ચોકીયાતો તેમને આગળ ખેંચતા અને પાછળ ધકેલતા રહેશે. તેમનાં પરૂ અને લોહી જહન્નમમાં ભેગાં થશે. જે તેમનું પીણું બનશે.

આટલું કહીને, કહે છે કે વહબ રડવા લાગ્યા હતા અને બેભાન થઇ ગયા હતા. (ઇબ્ને કસીર)

## સઉદ અને વચલ :

બઝઝાર, ઈબ્ને જરીર, ઇબ્ને અબૂ હાતિમ અને ઇબ્ને મરદાવિયાએ નોંધ્યું છે કે અબૂ સઇદે (રદિ.) વર્ણવ્યું છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું સઉદ એ જહન્નમમાં એક પહાડ છે. શ્રધ્ધાહીન- નાસ્તિકને તેના ઉપર ચઢાવવામાં આવશે. જયારે તે તેના ઉપર હાથ મૂકશે તો તે (હાથ) ઓગળવા લાગશે અને જયારે તે ઉઠાવી લેશે તો તે અસલ સ્થિતિમાં આવી જશે. (અને) તે જયારે તેના પર પગ મુકશે તો તે (પગ) ઓગળશે, પણ તેને ઉપાડશે તો તે પાછો અસલ સ્થિતિમાં આવી જશે. (ઝદઉલ મસીર,ઇબ્ને અલ- જવઝી)

કતાદાએ નોંધ્યું છે કે ઇબ્ને અબ્બાસે (રદિ.) કહયું છે કે સઉદ એ જહન્નમમાં એક ચટ્ટાન છે, જેના પર નાસ્તિકને મોંભરે ઘસીટવામાં આવશે. એ એક લપસાણી ચટ્ટાન હોવાનું અને તેના પર ચઢવા માટે

નાસ્તિકને કહેવાશે, એમ પણ કહેવાય છે.

અને અહાદીસ પ્રમાણે વાયલ એ જહન્નમમાં એક ખીણ છે, જેમાં શ્રધ્ધાહીનને નાંખવામાં આવશે.

**સર્પ અને વીંછી :**

હરમબાએ અબ્દુલ્લાહ ઈબ્ને જુઝઝ અઝ -ઝુબયદી દ્વારા નોંધ્યું છે કે અલ્લાહના પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, દોઝખમાં સર્પ, બખ્ત ઉંટોની ગરદન જેવા છે. અગર તે કોઇને ડંખ મારે તો તે ચાળીસ વર્ષ સુધી તેની પીડા ભોગવશે , (મુસતદરક હાકિમ,મિશકાત, મસાવિહ)

અને વીછીંઓ વિશે કોલે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છે કે જહન્નમવાસીઓને તે મધમાખીના ઝુંડની માફક ચીપકી જશે.

અબૂ - હુરયરહે (રદિ.) વર્ણવ્યું છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયુ, અગર ખજાનાનો માલિક તેની ઝકાત નથી આપતો તો તે (ખજાનો) પુનર્જીવનના દિવસે ટાલિયા સર્પ સ્વરૂપે તેની પાસે આવશે, જેની આંખો ઉપર બે કાળા ડાઘ હશે. તે તેના ગાલ આગળથી પકડીને કહેશે, હું તારી મિલ્કત છું ! હું તારો ખજાનો છું ! (બુખારી, મુસનદ અહમદ)

**હલ મિમ મઝીદ :**

જહન્નમ પેટભરું છે, નિરંતર ખાઉં, ખાઉં કરતી રહે છે. જોઇએ તેટલા ગુનેગારોને તેની અંદર નાંખો, સંતોષ નહીં થાય, કુર્આને કરીમના શબ્દોમાં કહીએ તો: એ દિવસે અમે જહન્નમને પૂછીશું: શું તું સંપૂર્ણ ભરાઇ ગઇ ? અને તે કહેશે: હલમિમ મઝીદ (કશું વિશેષ છે ?- હોય તો લાવો) (૫૦:૩૦)

એ આયતનો ખુલાસો આ હદીસમાં મળે છે. હઝરત અનસ (રદિ.) વર્ણવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, લોકો જહન્નમમાં નંખાતાં બંધ થશે નહીં અને તે કહેતી જશે, હજી બીજા છે ? ત્યાં સુધી કે સત્તા અને સન્માનનો માલિક (અલ્લાહ) તેના ઉપર પોતાનો પગ મૂકી દેશે, ત્યારે તે કહેશે કત-કત (બસ-બસ), તારી સત્તા અને સન્માનના સોગંદ ! અને તેની બાજુઓ એકમેક પર બંધ કરી દેવાશે. (બુખારી, મુસ્લિમ, તિરમીઝી, મુસનદ અહમદ) **(ક્રમશ)**

## 'મરીઝ' ની ગઝલ

## 'હા' હોવી જોઇએ - નો આસ્વાદ

**આસ્વાદક : ડૉ. હસન લુણત 'વિતાન'**

ગુજરાતના ગાલિબ ગણાયેલા મરીઝની હા હોવી જોઇએ એ અત્યંત લોકપ્રિય ગઝલ છે. જાણીતા ગઝલ ગાયકોના કંઠે એ ગવાઇ છે. આ ગઝલમાં આઠ શેઅર છે, અને એના મોટા ભાગના શેઅર પ્રણયવિષયક છે.

ગઝલના મત્લાનો શેઅર આ પ્રમાણે છે :

**હું કયાં કહું છું આપની 'હા' હોવી જોઇએ,**
**પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઇએ.**

ગઝલનાયક પ્રિયપાત્રની 'ના' સાંભળવા માટે પણ તૈયારી બતાવે છે. પરંતુ એ માટે એકમાત્ર નાનકડી શરત એ કે પ્રિયપાત્ર વ્યથા સહિત ના પાડે. ગઝલનાયકમાં રહેલી પ્રેમની ઉદાત્ત ભાવના અને સહનશીલતાને વ્યકત કરતો આ શેઅર છે. આવા આકર્ષક શેઅરથી મરીઝે ગઝલની માંડણી કરી છે.

ગઝલનો બીજો શેઅર ખુદા સંબંધિત છે, ગઝલકાર ખુદાને ઉદ્દેશીને કહે છે :

**પૂરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા,**
**મરજી મુજબની થોડી મજા હોવી જોઇએ.**

સામાન્ય રીતે આપણે ભાગ્યમાં શ્રદ્ધા ધરાવીએ છીએ. ભાગ્યમાં લખ્યા પ્રમાણે બધું થાય છે, એમ માનીએ છીએ. પણ 'મરીઝ' એથી આગળ વધે છે. થોડુંક પોતાની ઇચ્છા મુજબ જીવવાનું મળે, જીવનનો આનંદ અને મજા આપણી મરજી મુજબનાં પણ કયારેક હોય, એવી ઇચ્છા આ શેઅરમાં વ્યકત થઇ છે. અર્થાત્ માનવીય સ્વતંત્રતાની હિમાયત થઇ છે. 'મરીઝ' નો ખુદા સામેના વિદ્રોહ નો સૂર સંયત શૈલીમાં આ શેઅરમાં વ્યકત થયો છે.

ગઝલનો ત્રીજો શેઅર પણ પ્રણયવિષયક છે. ગઝલનાયક પ્રિયજનને કહે છે :

**એવી તો બેદિલીથી મને માફ ના કરો,**
**હું ખુદા કહી ઉઠું કે સજા હોવી જોઇએ.**

પ્રિયપાત્રની નિર્લેપતા નાયકને કઠે છે. તેનું બેદિલી પણું નાયકને ગમતું નથી. તેથી ગઝલનાયક બેદિલી પૂર્વકની માફી પણ સ્વીકારવા તૈયાર નથી. આવી ક્ષમા કરતાં તો બહેતર છે કે સામેનું પાત્ર કોઇ સજા આપે ! ઉપેક્ષા કરતાં કયારેક સજા વધારે આવકાર પાત્ર બની જતી હોય છે, એવું ચિંતન આ શેઅરમાંથી ફલિત થાય છે.

ગઝલનો ચોથો પ્રણયરંગી શેઅર આ રહયો :

**આ તારું દર્દ હો જો બીજાને તો ના ગમે,**
**હમણાં ભલે કહું છું દવા હોવી જોઇએ.**

પ્રિયજન તરફથી મળેલું દર્દ પણ આવકારદાયક હોય છે. આ દર્દ ભલે અસહ્ય હોય, ગઝલનાયક ભલે અત્યારે એનો ઉપચાર માંગતા હોય, પરંતુ એ દર્દ બીજાં પાસે ચાલ્યું જાય, દર્દ પરાયું બની જાય,એમ ગઝલનાયક ન જ ઇચ્છે, એવું એમને ન જ ગમે. પ્રિયજનનું દર્દ પણ વહાલું લાગે, એવી પ્રેમની ઉંચાઇ આ શેઅરમાં સિધ્ધ થઇ છે.

'મરીઝ' યુવા હૈયાંઓને હમેશાં આકર્ષતા રહયા છે. યુવા વર્ગને સ્પર્શે એવા ભાવો અને લાગણીઓને તેમણે પોતાની સીધી - સરળ લાગતી ગઝલોમાં કલાત્મક વાચા આપી છે. આવો આ ગઝલનો શેઅર નીચે મુજબ છે :

**'મેં' એનો પ્રેમ ચાહયો બહુ સાદી રીતથી,**
**નહોતી ખબર કે એમાં કલા હોવી જોઇએ.**

પ્રેમ કલાપૂર્ણ રીતે અભિવ્યકત થાય એવી અપેક્ષા રખાતી હોય છે. પરંતુ ગઝલનાયક તો ખૂબ જ સાદગીથી અને સરળ રીતે પ્રિયતમા સમક્ષ પ્રેમ-પ્રસ્તાવ રજૂ કરે છે. ગઝલનો આ શેઅર જેટલો સરળ છે, તેટલું જ ગઝલનાયકનું સરળતા અને સાદગીપૂર્ણ પાત્ર પણ આપણી સામે ઉપસ્થિત થાય છે. આ શેઅરમાં સાદગીનું સૌન્દર્ય છે. પ્રણયનો એક વિશિષ્ટ કોણ (ખૂણો) અહીં પ્રકાશિત થાય છે.

એ પછીનો શેઅર ધર્મ સંબંધિત છે, મરીઝ ધર્મોપદેશકને ઉદ્દેશીને કહે છે :

**ઝાહેદ આ કેમ જાય છે મસ્જીદમાં રોજ રોજ,**
**એમાં જરાક જેવી મજા હોવી જોઇએ.**

'ઝાહેદ' એટલે ધર્મોપદેશક 'મરીઝ' તેને કહે છે કે મસ્જિદમાં રોજ રોજ જવાથી શું પ્રાપ્ત થાય છે ? ત્યાં જવાથી જો જરાક પણ મજા પ્રાપ્ત થતી હોય, આનંદ મળતો હોય, તો ત્યાં જવું ઇષ્ટ છે. 'મરીઝ' આજીવન મસ્જિદથી દૂર રહયા હતા અને ધાર્મિક ક્રિયાકાંડોમાં તેમનું ચિત્ત કદી પણ ચોંટયું નહોતું, તેની આવા શેઅર ગવાહી આપે છે.

ગઝલનો સાતમો શેઅર છે :

**બાકી ઘણા હકીમ હતા પણ આ મારી હઠ,**
**બસ તારા હાથથી જ સિફા હોવી જોઇએ.**

'મરીઝ' કહે છે કે આ દુનિયામાં ઘણા બધા હકીમો (વૈદ્યો) હતા, જેમની પાસે મારા દર્દનો ઇલાજ કરાવી શકાયો હોત. પણ મારી હઠ એ હતી કે તારા હાથ વડે જ સારી પીડાનો ઉપચાર થવો જોઇએ. અર્થાત્ ગઝલનાયકને માટે પ્રિયજનનું હોવું, તેની સાથેના સંબંધનું હોવું, તેની ઉપસ્થિતિ હોવી, એ જ પોતાના દર્દનો એકમાત્ર ઉપચાર છે ! આવી પ્રણયાનુભૂતિ આ શેઅરમાં ખૂબીપૂર્વક વ્યકત થઇ છે.

'મરીઝ' નિરાશાવાદી શાયર નથી, પ્રિયજનના મિલનની આશાને વ્યકત કરતો આ ગઝલનો એમનો અંતિમ શેઅર સહુ સહૃદય ભાવકોના હૈયે વસી જાય, લોકજીભે સચવાઇ જાય એવો બેમિસાલ છે.ગઝલના મકતાનો એ શેઅર જુઓ :

**પૃથ્વીની આ વિશાળતા અમથી નથી 'મરીઝ',**
**એનાં મિલનની કયાંક જગા હોવી જોઇએ.**

આવા આશાવાદ સાથે મરીઝ આ ઉત્તમ ગઝલનું સમાપન કરે છે. ■

## વિચાર વિનિમય

- અહમદ ગુલ

**એક્ષપાયરી ડેટ :**

લગભગ તમામ ખાધ્ય પદાર્થોને વેચાણમાં મૂકવા પહેલાં, અગર તે બોક્ષમાં હોય કે બોટલમાં તેના પર એક્ષપાયરી ડેટ, સરકારના કાયદા મુજબ ફરજિયાત લખવાની હોય છે. કોઇ પદાર્થની ડેટ દસ-પંદર દિવસ સુધીની હોય છે. જેમ કે, દૂધ, બ્રેડ વગેરે. જયારે કેટલીક વસ્તુઓ જેમ કે, દવા વગેરેની ડેટ બે-ત્રણ વર્ષ સુધીની પણ હોય છે.

એક્ષપાયરી ડેટ દર્શાવવા પાછળ મુખ્ય હેતુ તો ખરીદનારને એ જાણ કરવાની કે, ચેતવણી આપવાની હોય છે કે, તમારે એક્ષપાયરી ડેટ પહેલાં જે તે વસ્તુઓને વાપરી લેવાનું ફાયદાકારક હોય છે. અને જો ડેટ એક્ષપાયર થઇ જાય છતાં કોઇ વાપરે તો વાપરનારના સ્વાસ્થય માટે હાનિકારક થઇ શકે. કેટલાક સંજોગોમાં તો એ મોતનું પણ કારણ બની શકે. એટલે જ ખાવા-પીવાની વસ્તુઓ ખરીદતાં પહેલાં આપણે એક્ષપાયરી ડેટની ખાત્રી કર્યા પછી ખરીદીએ અને વાપરીએ છીએ.

આ વાત તો માનવસર્જિત ઉત્પાદનની થઇ. એજ પ્રમાણે આપણને ધરતી પર મોકલતી વેળા આપણી પણ એક્ષપાયરી ડેટ સર્જનહારે નક્કી કરેલી હોય છે. માનવસર્જિત પદાર્થની ડેટ આપણે જાણી શકીએ, જોઇ શકીએ. જયારે આપણાં જીવનની એક્ષપાયરી ડેટ સર્જનહારે પોતાના પાસે રાખેલી હોય છે. આપણે તેનાથી બિલ્કુલ અજાણ હોય છે.

માનવીની એક્ષપાયરી ડેટ સાથે બીજી ઘણી વિગતો પણ નક્કી કરેલી હોય છે. જેમ કે ધરતી પર આવનાર પ્રત્યેક માનવીનું આયુષ્ય એના જન્મકાળથી જ નક્કી થયેલું હોય છે. કયા રોગ કે અકસ્માતથી એના જીવનનો અંત થનાર છે. આપણે હંમેશા જોતાં આવ્યા છીએ કે, કોઇનું મૃત્યુ રેલમાં તણાઇ જવાના કારણે અથવા કોઇ ધરતીકંપ કે આગમાં સળગી જવાથી યા તો કોઇ ભયંકર બીમારીના કારણે થયું. એ તો માત્ર મૃત્યુના બહાના રૂપેજ હોય છે. ખરી રીતે તો મરનારના મૃત્યુનું વર્ષ, મહિનો, દિવસ કે કોઇ ઘડી પ્રથમથીજ નક્કી થયેલ હોય છે.

હું જયારે પણ કોઇ ખાધ્ય પદાર્થની એક્ષપાયરી ડેટ નિહાળું છું ત્યારે વિચારૂં છું કે, મારી પણ કોઇ એક્ષપાયરી ડેટ નિશ્ચિત જ છે. સર્જનહારે મને તેનાથી અજાણ રાખ્યો છે. ખરેખર આ અજાણતાપણું માનવજીવન માટે આશીર્વાદરૂપ હોય છે. બેઘડી વિચારી જૂઓ પ્રત્યેક પેદા થનારના શરીર પર એક્ષપાયરી ડેટ લખાઇને આવી હોત તો એની દુનિયા કેવી બની જાત. એનો એક પણ દિવસ ચેનથી ન ગુજર્યો હોત. અતિકૃપાળુ સર્જનહારની એ હિકમત માનવીની સમજબહાર છે. તેથી જ બેસમજ લોકો અહીં કાયમ રહેવાના હોય એ રીતે જીવન જીવતા હોય છે. પણ સમજદાર હંમેશાં એની એક્ષપાયરી ડેટ ને નજર સમક્ષ રાખી પોતાના જીવનનું ઘડતર કરે છે. હવે આપણે વિચારવાનું હોય છે કે, આપણે આપણે સમજદારી પૂર્વકનું કે બેસમજનું જીવન જીવી રહયા છીએ.

આ તકે, ૧૯૯૫માં લખેલ એક મારી કવિતા યાદ આવે છે.

**લોક પૂછે મને**
**મારૂં સરનામું**
**શું બતાવું એમને ?**
**છે બધાં એ હંગામી**
**સરનામા, પણ**
**જયાં ઢળશે, આ શરીર**
**જયાં મળશે, મને બે ગજ જમીન**
**ત્યાં હશે, અનંતકાળ સુધી**
**રહેઠાણ મારૂં**

(ખરેખર તો એ પણ હંગામી જ બની જનાર છે.) ■

## સાત સમંદર પારના સમાચારો

-યુસુફ એમ.સિદાત (લેસ્ટર-યુ.કે.)

### આબેદાબહેન રાજપુરા અલ્લાહની રહેમતમાં:

યુ.કે.ના બાટલીમાં રહેતા ઇડર તાલુકાના કેશરપુરા ગામના ડૉ.અબ્દુલરહેમાન રાજપુરાના અહેલીયા મોહતરમા આબેદાબહેન ટૂંકી માંદગી બાદ ૭૮ વર્ષની ઉંમરે તા.૨૫-૧૦-૨૦૨૧ ના સોમવારના રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે.મુસ્લિમોમાં સ્ત્રી કેળવણીના મહિમાને કોઇ સમજતું ન હતું તેવા સમયે મર્હુમા આબેદાબહેન એમ.એ. કરી મહેસાણા અને વલસાડ જીલ્લાના ચીખલીમાં પ્રોફેસર તરીકે સેવા આપી હતી. એમના મીસ્ટર ડૉ.અબ્દુલરહેમાન રાજપુરા સા. ડૉકટર હોય એમની સાથે ૧૯૭૨ થી યુ.કે.ના બાટલીમાં સ્થાયી થયા હતા. એમના બે પુત્રો અને પુત્રવધૂઓ તથા બે પુત્રીઓ અને જમાઇ પણ ડૉકટર છે. સંતાનોની પરવરીશ પાછળ મર્હુમા આબેદાબહેનનો અગત્યનો ફાળો રહયો છે. ડૉકટર રાજપુરા સા. નો પડછાયો બની સાથ આપ્યો છે. પોતાના માદરે વતન કેશરપુરા અને આજુબાજુના વિસ્તારોના બાળકો સારી કેળવણી લઇ શકે તે માટે ઉન્નતિ એજયુકેશન ટ્રસ્ટમાં ઉપપ્રમુખ પદે રહી આશિષ વિદ્યાલયના અદ્યતન મકાનના બાંધકામમાં અને શાળાના વિકાસમાં અમૂલ્ય ફાળો આપી પ્રશંસનીય આર્થિક અને શારીરિક બલિદાન આપ્યું છે. એમના આમ અચાનક ચાલી જવાથી ડૉકટર રાજપુરાના પરિવારમાં અને ઉન્નતિ એજયુકેશન ટ્રસ્ટમાં એમના માર્ગદર્શનની જે ખોટ પડી છે તે કોઇ કાળે પૂરાય તેમ નથી. ગુજરાત ટુડેની પણ અવાર-નવાર મુલાકાત લીધી હતી, મર્હુમા ગુજરતટુડે ના ખાસ ચાહક હતા.એમના વકતવ્યમાં સ્ત્રી કેળવણીના વિશે ખાસ ભાર મૂકતા હતા.

એમની કોમ પ્રત્યેની લાગણી એમાં ખાસ કરીને સ્ત્રી કેળવણી માટે એમની ધગશ કોઇ કાળે વિસરાય એમ નથી. કેળવણી માટે આર્થિક યોગદાન માટે ડૉકટર રાજપુરાને હરહંમેશ સાથ આપી દાનનો અખૂટ પ્રવાહ વહેતો કર્યો છે.

### વોલ્સોલ મસ્જીદ અલ-ફારૂકની પ્રશંસનીય પહેલ:

ઇંગ્લેન્ડના બર્મિંગહામ શહેરને અડીને આવેલા વોલ્સોલ ટાઉનમાં મસ્જીદ અલ-ફારૂક સેવામાં કાર્યરત છે. મસ્જીદ આધુનિક સગવડોથી ભરપૂર છે. સ્થાનિક મુસ્લિમોને વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ અંતર્ગત આ મસ્જીદની વહીવટી કમિટી દ્વારા જેઓ યુનિવર્સીટી, નોકરી, ધંધા વ્યવસાયમાં વ્યસ્ત હોય એવા યુવાનો માટે પાર્ટ ટાઇમ દર્સે નિઝામી આલીમ કોર્સ અંજુમને ઇશાઅતે ઇસ્લામના નેજા હેઠળ શરૂ કરવામાં આવ્યો હતો. આજ પર્યંટ સાત તાલીબે ઇલ્મો આલીમની સનદ પ્રાપ્ત કરી ચૂકયા છે. ખત્મે બુખારી શરીફ અને દસ્તારબંધીનો જલ્સો બ્રિટનના ખ્યાતનામ આલીમ ઇસ્લામિક દાવા એકેડમી, લેસ્ટરના શૈખુલ હદિસ હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત સાહેબ ભોરીયાવાલાની અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો હતો. જેમાં ૮૦૦ જેટલા મહેમાનો ઉપસ્થિત રહયા હતા. આ પૈકી ૨૫૦ જેટલી બહેનોનો પણ સમાવેશ થાય છે. મોટા શહેરો જેવા કે લંડન, માન્ચેસ્ટર, બર્મિંગહામ કે લેસ્ટરમાં પૂરા સમયના દારૂલ ઉલુમો કાર્યરત છે, પરંતુ વોલ્સોલ જેવા મસ્લિમોની ઓછી વસ્તી ધરાવતા નાના ટાઉન માટે નાણાકીય અને વહીવટી દ્રષ્ટિએ ફુલ ટાઇમ દારૂલ ઉલૂમની સવલત કદાચ મુશ્કેલ બની શકે જયારે કે આ પ્રકારના પાર્ટ ટાઇમ અભ્યાસમાં સરળતા હોય મુસ્લિમ સમાજના યુવાનો માટે એક આશીર્વાદરૂપ બની જાય છે. એ માટે અલગ બિલ્ડીંગ કે વહીવટી કમિટીની જરૂર પણ જરૂર રહેતી નથી. વળી નમાઝ સિવાય બાકીના સમયે ખાલી રહેતી મસ્જીદની જગ્યાનો આવી પ્રવૃત્તિ માટે મહત્તમ ઉપયોગ પણ કરી શકાય છે, જેથી સ્થાનિક કક્ષાએ જ આવી ઉત્તમ સેવા ઉપલબ્ધ થઇ

શકે છે. જેનો વ્યવહારિક લાભ જે તે વિસ્તારના મુસ્લિમ સમુદાયને સરળતાથી મળી રહે છે. તાલીમનો સમય સાંજના હોવાથી ઘણા યુવાનો માટે અનુકૂળતા પણ રહે છે. આ આવકારદાયક છે. પાર્ટ ટાઇમ હોવાના કારણે સામાન્ય કરતા તાલીમના થોડાં વધારે વર્ષો થાય છે. તેમ છતાં ઘણા ભાઇઓ લાભ લઇ રહયા છે. અભ્યાસક્રમનું મુખ્ય સંચાલન હઝરત મૌલાના ઇબ્રાહીમ ઇશાકજી સાહેબ સંભાળી રહયા છે.

**બ્રિટિશ મીડિયાનું મુસ્લિમ અને ઇસ્લામનું કવરેજ :**
બ્રિટિશ મીડિયામાં મુસ્લિમો અને ઇસ્લામ વિશે કેવી રીતે રિપોર્ટ કરવામાં આવે છે તેના પર કરવામાં આવેલા આંકડાકીય સંશોધન સૌથી મહત્વનું એકમ છે. એમ સી બીના સેન્ટર ફોર મીડિયા મોનિટરીંગ દ્વારા ૪૮,૦૦૦ થી વધુ ઓનલાઇન લેખો અને ૫,૫૦૦ બ્રોડકાસ્ટ કિલપ્સનું પૃથ્થકરણ કરતો સીમા ચિન્હરૂપ અહેવાલ પ્રકાશિત થયો છે. જેમાં જણાંયું છે કે લગભગ ૬૦ ટકા ઓનલાઇન મીડિયા લેખો અને ૪૭ ટકા ટેલિવિઝન કિલપ્સ મુસ્લિમો અને / અથવા ઇસ્લામને નકારાત્મક પાસાઓ અથવા વર્તન સાથે સાંકળે છે. મુસ્લિમોને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા છે કે બદનામ કરવામાં આવ્યા છે અને મુખ્ય પ્રકાશનોમાં બદનક્ષી કરવામાં આવી છે. જેમાં ૯ કેસમાં જાહેર માફીની સાથે નુકસાનની ચૂકવણી કરવામાં આવી છે. પ્રાદેશિક પ્રસારણકારોની તુલનામાં રાષ્ટ્રીય પ્રસારણકર્તાઓમાં મુસ્લિમો અને / અથવા ઇસ્લામ સામે પક્ષપાતની ઉંચી ટકાવારી જોવા મળે છે. તમામ કિલપ્સમાંથી ૪૭ ટકા મુસ્લિમો અને / અથવા ઇસ્લામને એવી રીતે દર્શાવે છે કે જે નકારાત્મક પાસાઓ અને / અથવા વર્તન રજૂ કરે છે. મિડિયા પ્રોફેશનલ્સે આ અહેવાલનું આવકારવું જોઇએ. પત્રકારત્વના ધોરણોને સુધારવા માટે કરેલી ભલામણોને અમલામાં મૂકવી જોઇએ.

**બ્રિટિશ મુસ્લિમ કુટુંબ અને કૌટુંબિક જીવન :**
સેન્ટર ફોર રીસર્ચ દ્વારા બ્રિટિશ મુસ્લિમ કુટુંબ અને કૌટુંબિક જીવન ઉપર એક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેનો હેતુ કૌટુંબિક બંધારણ સંબંધ અને ધાર્મિકતા સિધ્ધ કરવાનો હતો. એમાં તારણો આપવામાં આવ્યા છે. એ મુજબ

- બ્રિટિશ મુસ્લિમમાં કુટુંબ ધાર્મિક, સાંસ્કૃતિક સમાજીકરણ અને ભૌતિકતા માટે સૌથી મહત્વપૂર્ણ એકમ છે, જયાં ધાર્મિક અને સામાજીક ધોરણે મૂલ્યો વહેંચવામાં આવે છે.
- મૂળ દેશ અને પશ્ચિમી સમાજ અને સંસ્કૃતિના સંપર્ક અનુસાર સગપણની પરંપરાઓ અલગ-અલગ હોય છે.
- ઇસ્લામમાં લગ્ન નાગરિક કરાર છે. મોટાભાગના યુગલો યુ.કે.માં સિવિલ અને ઇસ્લામિક બંને લગ્ન કરે છે.
- મોટા ભાગના બ્રિટિશ મુસ્લિમો પોતાની અંદરના વંશીય જૂથ સાથે લગ્ન કરે છે. દક્ષિણ એશિયાના ઘણા પરિવારો હજુ પણ લોહીના સંબંધી સાથે લગ્ન કરે છે.
- મહિલાઓ યુ.કે.માં સ્થાયિ હોય એવા મુસ્લિમ સાથે લગ્ન કરવાનું પસંદ કરે છે.
- બ્રિટિશ મુસ્લિમો મોટી ઉંમરે લગ્ન કરી રહયા છે. ઘણીવાર સ્નાતક કે રોજગારમાં સ્થિર થયા પછી શાદી કરવાનું પસંદ કરે છે. કેટલાક ગોઠવાયેલા લગ્ને બદલે ઇસ્લામિક લગ્ન પસંદ કરી રહયા છે.
- બળજબરી પૂર્વક લગ્ન અને બનાવટી લગ્ને ગુનાહિત ગણવામાં આવે છે, જેથી મુસ્લિમ લગ્ન અને તલાક કાયદાની નજર હેઠળ રહે છે.
- લઘુમતી મુસ્લિમોના ઘરો અલગ છે. સ્ત્રીઓ વધુને વધુ જાહેર જીવનમાં ભાગ લે છે.
- કુટુંબ અને ઘર એ છે જયાં બાળકો શીખે છે. જ્ઞાનાત્મક, પ્રથાઓ, કૌશલ્યો અને પરંપરાઓમાં બાળકના પ્રારંભિક શિક્ષણ ઉપર ધાર્મિક સંગઠનોનો પ્રભાવ રહેતો હોય છે. ■

## કરીએ દોસ્તી પુસ્તકની

માણસનાં સંસ્કાર,સ્વભાવ,આચાર અને વિચાર, સફળતા અને ઉત્થાન,વળતર મેળવવા કે ઘડતર કરવામાં મા-બાપ અને શિક્ષકો પછી સૌથી મોટો ફાળો પુસ્તકોનો હોય છે. તેથી જ પુસ્તકને આપણે સ્વજન, પ્રિયજન અને ગુરુની હરોળમાં મૂકી શકીએ. કેમ કે પુસ્તકો આપણને અજ્ઞાનતારૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઇ જાય છે. પુસ્તકો હંમેશા જીવનમાં એક સારા મિત્રની ભૂમિકા અદા કરતાં હોય છે. જો પુસ્તકોનો સહવાસ હોય તો નવરાશની પળોમાં તમારે કોઇ બીજા સાધન સંસાધનોની શોધખોળ કરવી પડતી નથી કે પછી ટાઇમપાસ યોજના અંતર્ગત કોઇ ફાલતુ કાર્યો કરવાં પડતાં નથી. જો તમે અવનવાં પુસ્તકોનાં અભ્યાસી છો તો તમને ચતુર, શોર્યવાન, શાલીન અને સમજદાર બનતાં વાર ન લાગે. પુસ્તકોનું વાંચન વ્યક્તિની તર્કશકિત અને સર્જનાત્મકતામાં વધારો કરે છે.

સારા પુસ્તકો એ રત્નો, હીરા, માણેક, સોનું અને ઝવેરાત કરતાં વિશેષ અને અમૂલ્ય છે. તે વ્યક્તિની આખી વિચારધારાને બદલી શકે છે. દર વર્ષે ૨૩ એપ્રિલે વિશ્વ પુસ્તક દિવસ ઉજવાય છે. પણ લગભગ મોટેભાગનાં લોકો આ વાતથી અજાણ હશે. કેમકે મોબાઇલ અને ઇન્ટરનેટનાં યુગમાં પુસ્તકની મહત્વતા બતાવીએ તો સદીનાં નાદાન સમજદારો આપણને જ ડોબા સમજી કે નાસમજ ઠરાવીને આપણી કદાચ ઠેકડી પણ ઉડાવે. પણ એથી ડઘાઇ જવાની કે નાસીપાસ થઇ જવાની જરાય જરૂર નથી. અહમને કયાઇ ખબર છે કે ઓનસ્ક્રીન અને ઑફસ્ક્રીન બંનેમાં બહુ ફરક છે. આજે ઇન્સ્ટાગ્રામ,ટવીટર અને ફેસબુકનું એવું ઘેલું ચડ્યું છે કે આજનો સમાજ ફેસબુકની લ્હાયમાં બુકને ફેસ કરવાનું ભૂલી જ ગયો છે. આજનો સમાજ મોટા ભાગનો સમય બુકફેસ કરવામાં નહી પણ ફેસબુક પર પસાર કરે છે. પણ એ ભૂલી જાય છે કે પુસ્તકો એક સારા મિત્રની ગરજ સારે છે. સમાજ જીવનમાં વ્યક્તિનાં પોતાનાં વ્યક્તિગત જીવનમાં કયારે પરિવર્તન આવશે એ કહી ન શકાય પણ આ પ્રકારનાં પરિવર્તનો પુસ્તક દ્વારા લાવી શકાય એ ખરેખર શકય બાબત છે.

ગધેડા સાથે ઘોડાને બાંધવામાં આવે તો તે સમયાંતરે ગધેડાનાં લક્ષણો ધરાવતો થઇ જાય છે, એક કેરીમાં બગાડ હોય તો બીજી કેરી પણ બગાડે એ વાત સાચી છે, સાથ તેવો થાઠ એ બધી બાબતો શકય છે પણ મારો મુદ્દો એ છે કે આ બધાની જ જો સમયાંતરે મરંમત કરવામાં આવે તો બગાડ જરૂર અટકાવી શકાય. તેમ બાળકને તેનાં ભટકી ગયેલાં મિત્રોનો સંગ છોડાવવા માટે એક સારા પુસ્તકનો સંગ કરાવવો અનિવાર્ય બની રહે છે. કારણ કે, એક સારા પુસ્તકનો સંગ એ સત્સંગ જેવો છે. મિત્રોની જેમ પુસ્તકોનો પણ જીવન ઘડતરમાં નિર્ણાયક પ્રભાવ પડે છે. એ કહેવું યોગ્ય છે કે એક સારા મિત્રની જેમ એક સારું પુસ્તક પણ માનવ જીવનનો સુખ દુઃખનો સાથી બની રહે છે. તે ગમે તેવી મૂશ્કેલીમાં પણ એક સારા મિત્રની જેમ સાથ છોડતો નથી. અને મુસીબતો અને અટકાયતી પરિસ્થિતિઓમાં એક સરળ અને શાલીન માર્ગદર્શકનું કામ કરે છે. તે જીવન જીવવાનો સહારો અને વ્યક્તિત્વ વિકાસ માટેની સાંત્વના પુરી પાડે છે.

અહી મારે જે વાત તમને રજુ કરવી છે તે અભ્યાસી પુસ્તકોનાં વાંચનની નથી. અભ્યાસી પુસ્તકોમાંથી મળતું જ્ઞાન તો ખૂબ જ મર્યાદિત હોય છે. આ અભ્યાસી પુસ્તકો તો ફક્ત માર્ક્સ મેળવવાં માટે જ વાંચવામાં આવે છે. અહીં વાત છે અભ્યાસી પુસ્તકો સીવાયનાં જે બીજા સારા લખાયેલાં પુસ્તકોનાં વાંચનની. અને જો તમારે તમારા માહિતીનાં ભંડોળમાં વધારો કરવો હોય અને તમારા જ્ઞાનની ક્ષિતિજને વિસ્તારવી હોય તો વિવિધ જ્ઞાની લેખકો દ્વારા લખાયેલાં સારા પુસ્તકોનું વાંચન અતિ આવશ્યક છે. શિક્ષણનાં સાહિત્યવિદ્ ડૉ.રાધાકૃષ્ણનની શિક્ષક માટે જે

વ્યાખ્યા આપી છે તે હુબહુ અહીં પણ સ્વીકારવી યોગ્ય છે. તેઓ શિક્ષકની વ્યાખ્યા આપતા કહે છે કે, શિક્ષક એક સારો ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ હોવો જોઇએ. તેમ આ જ બાબત આપણે પુસ્તક માટે પણ કહી શકીએ કે, એક સારું પુસ્તક ખરા અર્થમાં એક સારો મિત્ર, એક સારો તત્વચિંતક અને એક સારો માર્ગદર્શક છે એમ કહેવું જરાય ખોટું નથી. આજનાં આ ચિંતામય સમાજ જીવનમાં એક સારું પુસ્તક શ્રેષ્ઠ મિત્રની ગરજ સારે છે. અને સારા પુસ્તકો એકાએક લખાઇ જતાં નથી. એના લેખકે એની સર્જન પ્રક્રિયામાં પોતાનાં વિચારો, લાગણીઓ, પોતાનાં મનોભાવો, જ્ઞાન, અનુભવોને શબ્દરૂપી સમંદરમાં ડૂબકી મારી કંડાર્યા હોય છે. તેણે શબ્દરૂપી સમંદરમાંથી જાણે પોતાનું રકત વેરી દીધું હોય એવી તેની મેહનત અને પરિશ્રમ હોય છે. એક સારું પુસ્તક લેખકનાં વિચારો, લાગણીઓ, તેના મનોભાવો અને અનુભવોનો સરવાળો છે.

આપણે એ શા માટે ભૂલી જઇએ છીએ કે,

:: રસ્કિનનાં પુસ્તક અન ટુ ધી લાસ્ટમાંથી જ મહાત્મા ગાંધીજીને સત્યાગ્રહની પ્રેરણા મળી.

:: મહાન રશીયન લેખકએવાં લીયોટોલ્સટોયનું પુસ્તક વૉટ ઇઝ ટુ બી ડન? નાં ગુજરાતી ભાષા અનુવાદ ત્યારે શું કરીશું? નાં વાંચનથી પ્રેરાઇને દર્શકમાં પ્રકૃતિ પ્રેમ જાગ્યો.

:: હેમચંદ્રચાર્યનો વ્યાકરણ ગ્રંથ એવાં સિધ્ધહેમ શબ્દાનુશાસનને રાજા સિધ્ધરાજ જયસિંહે પોતે હાથીની અંબાડી પર મુકીને પાટણમાં તેની ભવ્ય શોભયાત્રા કાઢી હતી.

:: જર્મન કવિ ગેટે કવિકાલીદાસનું અભિજ્ઞાન શાકુંતલ માથેમુકીને નાચ્યો હતો.

આમ પુસ્તક વાંચનનું મહત્વ પ્રાચીનકાળથી ચાલ્યું આવે છે. અને પ્રાચીન સમયમાં પણ એવાં મનોવલણો હતાં કે જે જ્ઞાનની ક્ષિતિજો વધારવી હોય તો પુસ્તક વાંચન ખુબ જરૂરી છે. લેખકો પોતાનાં સ્વ પ્રયાસે ખુબ નજીવાં મૂલ્યમાં જ્ઞાનનો વિશાળ ખજાનો તમારી સમક્ષ ખુલ્લો મુકે છે. ને લેખક તેમાં આર્થિક, સામાજિક, ધાર્મિક, નીતિ વિષયક અને વ્યવહારૂ જીવનની બાબતોનું નિરૂપણ કરીને પોતાનાં વિચારોને આધીન તેઓ પોતાની કલમનો કમાલ કંડારતા હોય છે. આ કરવું બધા માટે શકય હોતું નથી.

ઉત્તમ પુસ્તકો સાથે મૈત્રી રાખનાર વ્યકિત દુઃખનાં સમયમાં નિરાશ થતો નથી. અને કોઇ પણ વિપરીત સ્થિતિમાં તે મૂંઝાતો નથી. અને સારા પુસ્તકોથી ઘડાયેલું મહાપુરૂષોનું માનવજીવન તો સદા ધીરજ અને શાંતિનાં પાઠ શીખવે છે. તે માનવીની વેદનાને હળવી બનાવી દે છે. શ્રેષ્ઠ પુસ્તકો માનવીનાં મનનો વહેમ, અંધશ્રધ્ધા અને અજ્ઞાનતાને દૂર કરે છે. અને વ્યકિતને પોતાનાં જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારવાની તક આપે છે. ને તેમની જ્ઞાનની સીમાઓને વિસ્તારવામાં મદદરૂપ થાય છે. પુસ્તક આપણને બીલકુલ જ અજાણી બાબતથી માહિતગાર બનાવે છે. ખરેખર સારા પુસ્તકોનો સંગાથ જીવનમાં સફળતાને તેડી લાવે છે. પુસ્તકો અરીસા જેવાં છે જે વાંચનારને તેમાં પોતાનું પ્રતિબિંબ દેખાડે છે. તેથી જ એક લેખકે સાચે જ લખ્યું છે કે તમે શું વાંચો છો તે મને કહો હું તમે કેવા છો તે કહીશ. પુસ્તકો સાથે દોસ્તી જે કરે છે તેનાં જીવનમાં ડર, નિષ્ફળતા, નિરાસા, નાસીપાસ થવું વગેરે જેવાં સન્નાટા કદી સ્થાન લેતાં નથી.

તેનાથી વિપરીત કે જો હલ્કી કક્ષાનાં અને અશ્લીલ પુસ્તકો વાંચવાનું ઘેલુ ચડે તો પછી તેવાં પ્રકારનાં સાહિત્યોનું વાંચન માનવીની વૃત્તિને બેહકાવી દે છે. અને આવા ભડકાઉ પુસ્તકો તેને અનૈતિક સંબંધો બાંધવા તરફ પ્રેરે છે.આથી આ પુસ્તકોનાં વાંચનરસને કેળવવા માટે પુસ્તકોની પસંદગી પણ યોગ્ય અને વિવેકપૂર્ણ રીતે થયેલી હોવી જોઇએ. કારણ કે, માનવદેહનાં પોષણ કાજે જેમ ખોરાક જરૂરી છે તેમ તેનાં માનસનાં પોષણ કાજે પુસ્તકોનું વાંચન જરૂરી છે. તે સાચો મિત્ર, સાચો હિતચિંતક અને પરામર્શદાતા છે.

**(પટેલ મ. સાલેહ મ.હુશેન-નૂર લિંડીયાતવી...)**

## સૂરજમુખી નથી

**આધાર હોય જેમનો બીજાનાં બળ ઉપર,**
**મંજૂર મુજને કોઇ એવી જીંદગી નથી.**
**કિરણોની સાથ સાથ આ મોઢું નહીં ફરે,**
**સૂરજ સ્વયં છીએ, અમે સૂરજમુખી નથી.**

**- શેખચલ્લી**

ઇ.સ. ૧૯૯૭ ની આસપાસ કવિશ્રી મસ્ત મંગેરા અને કવિશ્રી જય નાયકે નવસારીમાં ''આવાઝ'' નામની પ્રકાશન સંસ્થા શરૂ કરી હતી. આ સંસ્થા દ્વારા કેટલાક નામી ગઝલકારોનાં પુસ્તકો પ્રકાશિત કરાયા હતા. તેમાં ''સીરતી'' નો ગઝલસંગ્રહ ''વારસા'' ''અગમ'' ના સંગ્રહ ''કેશકલાપ'' ''મસ્તહબીબ સારોદી'' નો ''મોજમસ્તી'' ''જિગર'' ટંકારવીનો ''ફુલવાઓ'' અને ''મસ્ત મંગેરા'' નો ''મીજાજ'' તેમજ બ્રિટનનાં શાયરોની ગઝલોનું સંપાદન ''ગુજલિશ ગઝલો'' નો સમાવેશ થાય છે. આ શ્રેણીમાં શેખચલ્લીની ગઝલોનાં પુસ્તક ''વૈભવ'' નો પણ સમાવેશ થયો હતો.

વિખ્યાત કવિ ''બેકાર'' સાહેબની હરોળનાં આ શાયરનું મૂળ નામ નિસાર અહમદ શેખ હતું. તેમનો જન્મ ઇ.સ.૧૯૧૧ માં પેટલાદમાં થયો હતો. ૪ નવેમ્બર ૧૯૮૦ નાં રોજ તેમનું નિધન થયું હતું. મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી રતિલાલ અનિલે તેમના પુસ્તક '' સફરના સાથી'' માં શ્રી શેખચલ્લી વિશે લંબાણપૂર્વક વાત કરી છે. મોતીનાં દાણા જેવા અક્ષર ધરાવતા આ કવિએ આંકડાઓ સાથે બાથ ભીડી હતી. તેઓ એક સંસ્થામાં નામ લખવાનું કામ કરતા હતા. એમનામાં નિરીક્ષણ શકિતની સાથે પરીક્ષણ શકિત પણ હતી. તે જમાનાનાં લોકપ્રિય માસિકપત્ર ''કારવા'' માં શાયર ''વણઝારા'' ના ઉપનામથી ''પોઠ'' નામની લોકપ્રિય કોલમ લખતા હતા. તેમણે ગંભીર પ્રકારની રચનાઓ ''ખુરશીદ'' નાં તખલ્લુસથી લખી હતી. તેમણે વ્હોરા સમાચાર નામના અખબારમાં તંત્રી તરીકે સેવાઓ આપી હતી.

ઉપર ટાંકેલુ મુકતક શાયરની નૈતિક ખુમારીનું પરિચાયક છે. સાચો શાયર તો પોતાની મરજીનો માલિક હોય છે. તેને કોઇ પ્રકારની ગુલામી ખપતી નથી. તેને લોખંડની બેડીઓ જકડી શકતી નથી. તેને કોઇ પ્રકારની સિફારશની જરૂર પડતી નથી. તે તો પોતાના બળથી જ આગળ ધપવા માંગતો હોય છે.

સૂર્ય જે દિશામાં હોય તે દિશામાં સૂરજમુખીનું ફુલ આઘુંપાછું થતું હોય છે. પણ આપણા આ કવિએ તો પોતે જ સૂરજ છે તેવો દાવો કર્યો છે. આ જ પંકિતમાં કવિની ખુમારી અને અટલ વિશ્વાસ વ્યકત કર્યો છે. અંતમાં, તેમનીગઝલની બે પંકિતઓનું આચમન કરીએ:

**હૃદય ચોરી ગઇ ધોળે દિન એક મસ્ત માનુની,**
**છતાં પગલાં ભરી શકતો નથી હું કોઇ કાનૂની!**

## સમાજનું ગૌરવ



આપણા સમાજની દેશ- વિદેશમાં વસવાટ કરતી કેટલીક વ્યકિત, વિશેષ અને ઘણી વિશિષ્ટ એવી સિધ્ધીઓ પ્રાપ્ત કરે છે જે જાણીને હર્ષથી આપણું હૃદય ઉભરાય જાય છે. આવી જ એક વ્યકિત વિશે મને જાણકારી મદદ એ સમાજના નૌનિહાલો ને પ્રેરણારૂપ બનશે.

મૂળ **કફલેથા** ગામના વતની એવા **જ.મોહંમદ ઇકબાલ પાંડોર સા.** હાલ **બાર્બાડોઝ** ખાતે રહે છે.

એમણે અલ-ફલાહ સ્પોર્ટસ, એકેડમી નામની સંસ્થા સ્થાપી તે દ્વારા અંડર ૧૩,૧૪,૧૬,૧૯ વર્ષની ઉમરના બાળકોને **ક્રિકેટ કોચીંગ કલાસ** ચલાવી તાલીમ આપવાનું કામ વર્ષોથી કરે છે.

એ બાબતે એમને વોલન્ટીયર એકક્ષીલન્શી - ૨૦૦૭ નો એવોર્ડ બેક્ષટર્સ રોડ ફેસ્ટીવલ કમિટી તરફથી **એવોર્ડ ઓફ એકક્ષીલન્શી** આપવામાં આવ્યો છે.

**બીજો એવોર્ડ**

**ક્રાફટ્સ ઓફ અવર ફેઇટ કોમ્યુનિટી એવોર્ડ** એમ.પી. જેફરી બોસ્ટીક સીટી ઓફ બ્રીજ ટાઉન હસ્તે આપવામાં આવ્યો છે.

**ત્રીજો એવોર્ડ**

**ઇસ્ટેલેશન સેરેમની - જસ્ટીસ ઓફ પીસ** નો એવોર્ડ જીમ્નેશિયમ માટે ડિસેમ્બર ૧૩-૨૦૨૧ માં અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે મહાન ક્રિકેટર ગાર્ફિલ્ડ સોબર્સ વગેરે ઉપસ્થિત રહયા હતા.

આપણી સોસાયટીના અમૂલ્ય એવા **ડૉ.મોતાલા સાહેબ**ને બર્બાડોઝ પ્રવાસમાં ફાળો ઉઘરાવવામાં ઘણી મદદ કરી હતી. એમના વાલીદ સાહેબ મારા સુરતના અભ્યાસકાળ વખતે ઘણી વાર મળતા હતા.

આવી સિધ્ધીઓ આપણને આનંદ અપાવે છે. આ માહિતી મેળવી આપવામાં મારા ભાણેજ **જ. યુસુફઅલીભાઇ મંગેરા સા.** નો ઘણો મોટો ફાળો છે. આભાર

**- તંત્રી વહોરા સમાચાર**

મળી શકશે. અમેરિકન ડાયાબિટીસ એસોસિએશને સુચવેલાં છેલ્લામાં છેલ્લા સુધારા પ્રમાણે કુપોષણ સાથે સંકળાયેલ ડાયાબિટીસને મુખ્ય પેટાવિભાગમાંથી કાઢી નાંખવો જોઇએ. હાલ તુરત આપણી ચર્ચા ટાઇપ-૧ અને ટાઇપ-૨ પ્રકારના ડાયાબિટીસ પૂરતી સીમિત રાખીશું.

*ટાઇપ-૧ ડાયાબિટીસ એ ઇન્સ્યુલિન આધારિત ડાયાબિટીસ કહેવાય છે.* કારણ કે આ દર્દીઓમાં ઇન્સ્યુલિનનું ઉત્પાદન એટલું બધું ઘટી ગયું હોય છે (અથવા ઉત્પાદન બંધ થઇ ગયું હોય છે) કે જેથી ઇન્સ્યુલિનના અભાવે દર્દીને કીટોએસિડોસીસ (જુઓ પાના નં. ૨૩) જેવા ગંભીર (ક્યારેક જીવલેણ) કોમ્પ્લિકેશન થઇ શકે છે અને બહારથી ઇન્સ્યુલિનનાં ઇન્જેકશન આપવાં અનિવાર્ય બને છે. સામાન્ય રીતે બાળપણમાં જ આ પ્રકારના ડાયાબિટીસની શરૂઆત થઇ જાય છે. સરળતા ખાતર હવે પછી ટાઇપ-૧ ડાયાબિટીસનો ઉલ્લેખ બાળપણના ડાયાબિટીસ તરીકે કર્યો છે.

*ટાઇપ-૨ અથવા ઇન્સ્યુલિન બિનઆધારિત ડાયાબિટીસના* દર્દીઓમાં ઇન્સ્યુલિનની અછત સાપેક્ષ હોય છે અર્થાત્ દર્દીના શરીરમાં ઇન્સ્યુલિનનું ઉત્પાદન બરાબર જેવું જ થતું હોય, પણ શરીરમાં ઇન્સ્યુલિનની જરૂરિયાત વધી જાય. (મોટા ભાગના દર્દીઓનું વજન જરૂર કરતાં વધુ હોય છે). સામાન્ય રીતે પુખ્તવયે, ચાળીસ વર્ષ પછી, આ પ્રકારનો ડાયાબિટીસ થાય છે, જેને સરળતા ખાતર હવે આપણે પુખ્તવયના ડાયાબિટીસ તરીકે ઓળખીશું. આ પ્રકારનાં ડાયાબિટીસના દર્દીઓને બહારથી ઇન્સ્યુલિન ન મળે તો પણ કીટોએસિડોસીસ જેવાં ગંભીર કોમ્પ્લિકેશન નથી થતાં. ઘણીવાર કસરત અને ખોરાકના પરિવર્તનથી જ આ પ્રકારનો ડાયાબિટીસ કાબૂમાં આવી જાય છે. ક્યારેક દવા લેવી પડે છે અને અમુક દર્દીઓમાં ઇન્સ્યુલિનનાં ઇન્જેક્શનો આપવાં પડે છે.

આ સિવાય અન્ય કારણોસર થતા ડાયાબિટીસ (સેકન્ડરી ડાયાબિટીસ) માં કોઇક રોગ કે ઓપરેશનથી સ્વાદુપિંડ (પેન્ક્રીઆસ) માં નુકસાન થવાથી ઇન્સ્યુલિનનું ઉત્પાદન ઘટી જાય છે અને દર્દીને બહારથી ઇન્સ્યુલિનનાં ઇન્જેકશન આપવાં પડે છે. સગર્ભાવસ્થા દરમ્યાન જો સગર્ભા માતાના લોહીમાં વધુ પડતો ગ્લુકોઝ હોય તો એની આડઅસર ગર્ભ પર પડે છે. ડાયાબિટીસને લગતાં કોમ્પ્લિકેશન પણ સગર્ભાવસ્થાના ડાયાબિટીસમાં વધુ થાય છે અને યોગ્ય સારવાર કરવાથી આ આડઅસરો અટકી પણ શકે છે. ઘણી સ્ત્રીઓને, માત્ર સગર્ભાવસ્થા દરમ્યાન જ ડાયાબિટીસ રહે અને સુવાવડ પછી બધું નોર્મલ થઇ જાય એવું પણ બને છે. આવી સ્ત્રીઓને ઘણાં વર્ષો પછી કાયમી ડાયાબિટીસ થઇ શકે.

## બાળપણમાં ડાયાબિટીસ થવાનું કારણ શું?

ડાયાબિટીસ થવાનું ચોક્કસ કારણ હજી આજ દિન સુધી વૈજ્ઞાનિકો શોધી નથી શક્યા તેમ છતાં ડાયાબિટીસના કારણ સાથે સંકળાયેલ કેટલીક હકીકતો શોધી શકાઇ છે. એક તથ્ય બધા વૈજ્ઞાનિકો સ્વીકારે છે કે બાળપણમાં થતો ડાયાબિટીસ ઉર્ફે ટાઇપ-૧ (ઇન્સ્યુલિન આધારિત) અને પુખ્તવયે થતો ડાયાબિટીસ ઉર્ફે ટાઇપ-૨ (ઇન્સ્યુલિન બિનઆધારિત) ડાયાબિટીસ તદ્દન જુદા જુદા કારણોથી થાય છે જેની ચર્ચા જુદાં જુદાં વિભાગમાં કરી છે.

બાળપણમાં ટાઇપ-૧ (ઇન્સ્યુલીન આધારિત) ડાયાબિટીસ થવાના કારણો અંગે ખૂબ સંક્ષિપ્તમાં કહેવું હોય તો એમ કહી શકાય કે ટાઇપ-૧ ડાયાબિટીસ થવાનું કારણ શરીરના રોગપ્રતિકારક તંત્રની ભૂલ છે જેને પરિણામે સ્વાદુપિંડમાં ઇન્સ્યુલિનનું ઉત્પાદન કરતા કોષો (બીટા કોષ) પર શરીરના રોગપ્રતિકારક (ઇમ્યુન) તંત્રના સૈનિકો (શ્વેતકણો) ચડાઇ કરે છે અને ધીરે ધીરે બધાં જ બીટા કોષ નાશ પામે છે! પણ ના, વાત સાવ આવી સીધી ને સટ નથી. અમુક જ લોકોનું રોગપ્રતિકારક તંત્ર શા માટે આવી ભૂલ કરે છે? ડાયાબિટીસ ધરાવતાં મા-બાપનાં બાળકોમાં શા માટે વધુ પ્રમાણમાં ડાયાબિટીસ જોવા મળે છે? શું કોઇ વાતાવરણનું પરિબળ ડાયાબિટીસ કરવામાં ફાળો આપી શકે? વગેરે અનેક પ્રશ્નો વર્ષોથી ઘુમરાય છે. આ પ્રશ્નોના ઉત્તર શોધવા માટે થયેલ શોધખોળો પ્રશ્નોના આંશિક ઉત્તર જ આપી શકે છે, તે છતાં દરેક અગત્યના પરિબળનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

**(૧) <u>વારસાગત</u> :** બાળપણના ડાયાબિટીસનો રોગ કુટુંબમાં ચાલ્યો આવતો હોય છે. ડાયાબિટીસના દર્દીના નજીકના સગાઓ પૈકી દર વીસ વ્યક્તિએ એક વ્યક્તિ ડાયાબિટીસના રોગવાળી મળી આવશે. જોડિયા બાળકોમાં એકને ડાયાબિટીસ થયો હોય તો બીજા બાળકને પણ ડાયાબિટીસ થવાની શક્યતા પચાસ ટકા જેટલી હોય છે. ડાયાબિટીસના દર્દીના જુદાં જુદાં સગાઓને ડાયાબિટીસ થવાની શક્યતા આ પ્રમાણે છે :- (૧) દર્દીનાં ભાઈ બહેનને કે માતા પિતાને પાંચ ટકા; (૨) ડાયાબિટીસ ધરાવનાર પિતાના સંતાનોને છ ટકા; (૩) માતા અને પિતા બંનેને ડાયાબિટીસ હોય તો સંતાનોને ત્રીસ ટકા; (૪) જે વ્યક્તિના ભાઇ / બહેન અને માતા / પિતાને ડાયાબિટીસ હોય તે વ્યક્તિને ડાયાબિટીસ થવાની શક્યતા ત્રીસ ટકા જેટલી રહે છે.

**(૨) <u>વ્યક્તિની જનિન-પ્રકૃતિ (HLA પ્રકાર)</u> :** દરેક વ્યક્તિ બીજી વ્યક્તિઓથી કેટલીક ખાસ બાબતમાં જુદી પડતી હોય છે. વ્યક્તિના દરેક કોષોને પોતાની આગવી ઓળખ હોય છે. એક વ્યક્તિના બધા કોષોની ઓળખ અન્ય વ્યક્તિના બધા કોષો કરતાં જુદી હોય છે. વૈજ્ઞાનિકોએ આ કોષોની ઓળખનો


**(ક્રમશ)**

# હાઇબ્લડપ્રેશર

## જાતે બ્લડપ્રેશર માપવાની રીતઃ

બ્લડપ્રેશર માપવા માટે સામાન્ય રીતે સ્ફીગ્મોમેનોમીટર નામના સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. આ સાધનની રબરની કોથળી બાવડા પર બાંધીને પછી એને ફુલાવવામાં આવે છે જેથી બાવડા પર કોથળીનું પ્રેશર ધીમે ધીમે વધે છે અને જેટલું પ્રેશર વધ્યું હોય એ પ્રમાણે સાધનનો પારો (મર્ક્યૂરિ) ઊપર ચડે છે. મર્ક્યૂરિ (પારા) વાળું સ્ફીગ્મોમેનોમીટર સૌથી વધુ ભરોસાપાત્ર અને સચોટ ગણાય છે. જો કે દવાખાના-હોસ્પિટલની બહાર બ્લડપ્રેશર માપવા માટે પારાને બદલે સ્પીડોમીટર જેવાં ડાયલ ધરાવતાં સાધન વાપરવાં પડે છે જેનાથી માપેલ બ્લડપ્રેશરમાં લાંબે ગાળે થોડી ભૂલ આવવાની શક્યતાઓ રહે છે.

બી.પી.નું મશીન વાપરવું સહેલું છે પણ થોડીક તકેદારી રાખવી જરૂરી છે. મશીનનો પટ્ટો બાવડાના ભાગે, પટ્ટાનો નીચેનો છેડો કોણીના સાંધાથી બે આંગળ ઊપર રહે એમ બાંધવો. આ પટ્ટામાં આવેલ રબરની કોથળીનો વચ્ચેનો ભાગ બાવડાના છાતી બાજૂના ભાગ પર આગળ તરફ રહે એમ બાંધવો. પટ્ટા અને બાવડા વચ્ચે પાતળા અને સળ વગરના કપડા સિવાય બીજું કંઇ ન રહે એનું ધ્યાન રાખવું.



આ પછી વાલ્વ બંધ કરી બલ્બને દબાવી દબાવીને પટ્ટામાં હવા પૂરવી જેથી એનું દબાણ એટલું વધે કે હાથના કાંડા પાસે અંગૂઠાના મૂળ આગળ નાડીના ધબકારા અનુભવાતા બંધ થઇ જાય. આ પછી બલ્બનો વાલ્વ ધીમે ધીમે ખોલી હવા નીકળવા દેવી અને દબાણ ઘટાડતા જવું જે વખતે નાડીના ધબકારા ફરી અનુભવાય એ વખતે પારો જે આંક પાસે હોય તેને ઉપરનું બી.પી. કહેવાય છે. આ રીતે ઉપરના બી.પી.નો અંદાજ મેળવ્યા પછી ફરીથી પટ્ટામાં હવા ભરી કોણી પર (કોણીના છાતી તરફના ભાગ પર આગળથી) સ્ટેથોસ્કોપ મૂકીને ફરી ધીમે ધીમે દબાણ ઘટાડતા જવું. આ રીતે દબાણ ઘટાડતી વખતે જ્યારે કોણી પર મુકેલ સ્ટેથોસ્કોપમાં ધબકારા સંભળાવા લાગે ત્યારનું બી.પી. ઉપરનું અને પછી જ્યારે આ ધબકારા સંભળાવા બંધ થાય ત્યારનું બી.પી. નીચેનું કહેવાય છે.

## બ્લડપ્રેશર માપતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોઃ

- આરામપૂર્વક બેઠેલ વ્યક્તિના ખુલ્લા બાવડા પર બ્લડપ્રેશર માપવાનો પટ્ટો લગાવવો જોઇએ.
- બ્લડપ્રેશર માપવાનો પટ્ટો હૃદયની સપાટીએ હોય એ જરૂરી છે.
- દર્દીએ તમાકુ કે કેફીનયુક્ત પીણાં (ચા, કોફી, સોફ્ટ-ડ્રિન્ક્સ) છેલ્લી ૩૦ મિનિટ દરમ્યાન લીધાં ન હોવાં જોઇએ.
- ઓછામાં ઓછી પાંચ મિનિટ સુધી દર્દી શાંતિપૂર્વક બેસે પછી જ બ્લડપ્રેશર માપવું જોઇએ.
- ઓછામાં ઓછી બે વખત, બે મિનિટનો સમયગાળો રાખીને બી.પી. માપવું જોઇએ. જો બે વખતના માપમાં ૫ મિ.મી. મર્ક્યુરિ કરતાં વધુ તફાવત આવે તો ફરી એક વખત માપી સરેરાશ બી.પી. કાઢવું જોઇએ.
- પહેલી વખત વધુ બ્લડપ્રેશર આવે તો બંને બાવડા પર બ્લડપ્રેશર માપવું અને જે વધારે હોય તે નોંધવું.

## ઘરે બ્લડપ્રેશર માપવાનું કયું સાધન વસાવવું?

આદર્શ સાધન તો પારા (મર્ક્યુરિ) વાળું જ છે. અને સસ્તું - સરળ તથા સૌથી વધુ ચોક્સાઇવાળું હોવાથી આ સાધન વાપરતાં દરેક દર્દી તથા એમનાં સગાંએ શીખી લેવું જોઇએ.

આમ છતાં, ગોળ ડાયલવાળું સાધન લઇ જવા લાવવામાં સારું પડે - પ્રવાસ દરમ્યાન વાપરી શકાય. આ સાધનમાં સ્પ્રિંગ આવે છે, જે સમય જતાં ઢીલી પડે અને પરિણામે બ્લડપ્રેશરનું માપ ઓછું-વત્તું બતાવે છે. આવું સાધન ચોક્સાઇ પૂર્વક વાપરવું હોય તો દર છ મહિને એક વખત આ સાધનની ચોક્સાઇ, પારાવાળા સાધનની સાથે સરખાવીને કરી લેવી જરૂરી છે. જો ઓછું માપ દર્શાવતું હોય તો સ્પ્રિંગનું એડજસ્ટમેન્ટ કરાવી લેવું જરૂરી છે.

**બ્લડપ્રેશર માપવાનાં ઇલેક્ટ્રોનિક સાધનોઃ** આજકાલ જાતજાતનાં ઇલેક્ટ્રોનિક સાધનો બ્લડપ્રેશર માપવા માટે નીકળ્યાં છે, જેમાં કાંડા પર કે હાથની આંગળી પર સાધન ભરાવીને પછી ડિજિટલ સ્ક્રીન પર ઉપરનું અને નીચેનું બ્લડપ્રેશર લખાયેલ જોવા મળે છે. આ સાધનો ખૂબ મોંઘા હોવા છતાં એની ચોક્સાઇ સાદા પારા (મર્ક્યૂરિ) વાળા સાધન કરતાં ઓછી હોય છે.

આંગળી પર સાધન પહેરીને બ્લડપ્રેશર માપવાનું જરા પણ ભરોસાપાત્ર નથી એવાં અભ્યાસો થયા છે અને એટલે આવાં ઇલેક્ટ્રોનિક સાધન વાપરવાથી દર્દી ગેરમાર્ગે દોરાય અને સાચી સારવારથી વંચિત રહે એવું બને છે. આ જ રીતે,

(ક્રમશ)

# LET US ALSO THINK ABOUT PAYING BACK

ISMAIL AHMED LAMBAT
MANCHESTER (0161) 232 1876

U.N. Climate Conference hosted by the U.K. Government during August 2021 provided opportunities to all participants and everyone across the world to learn more about the many changes taking place in the world's climate conditions. It is now common knowledge that the climatic conditions we now have are no longer the types of conditions we had for centuries, conditions we were used to and conditions which provided us with a stable pattern on which we depended on for our agricultural, economic and all other pursuits. Instead of our seasonal rains we now have very heavy down pours, unseasonal rains, droughts, strong winds, storms, hurricanes, mud slides, bush fires which burn for months and rising sea levels which affect low lying countries. The Conference discussed at length the changes affecting all the countries across the globe and unanimously agreed to get all the countries to gradually decrease the use of fossil fuels as the burning of these were the cause of climate change and change over to renewable sources of energy. The Conference also discussed the funding needs to switch over to the new sources of energy. What is of great interest to us Muslims and especially to our Surti Sunni Vohras is that the wealthy or the developed countries agreed to assist FINANCIALLY the poor or the less developed countries to move towards using renewable sources of energy.

The wealthy countries were not being generous by agreeing to financially support the poor countries but agreeing to provide funds was based on their realisation and acceptance that they were responsible for the damage done to the World's climate. Afterall the wealthy countries through their manufacturing industries, mining activities, gas and petroleum productions and their excessive use of road, sea and air transport were the main emitters of heat from which all the countries across the world were suffering.

We feel the feeling of guilt which made the wealthy countries to agree to provide financial support to the poorer countries should teach us Surti Sunni Vohras a lesson. Whilst we did not by our actions damage the World's climate conditions but where we had the upper hand did, we behave as expected by our religion when dealing with those who worked for us or those who had to sell their agricultural produce to us or buy their groceries and clothes from our shops. We feel in everything we did or engaged in we did not behave as expected of us by our religion.

Whilst those who addressed the Conference relied on scientific

evidence, as Muslims we feel whilst not discarding what the scientists say must turn towards the ALMIGHTY ALLAH for HIS help. We must not forget that the ALMIGHTY ALLAH knows about the sufferings the climate change is causing and HE is the one we should be asking for to bring back the type of climate that we were used to for so long.

We feel whilst the wealthier countries have admitted that they were the main ones who by their actions driven mainly by their wish to progress economically and have dominance over other countries there is a great and urgent need for us Surti Sunni Vohras to look at our economic activities and the economic activities of our family members past and present. We can pick up many hundreds of stories of dealings which were often not good engaged in by our people from our villages and of our people from the countries they had migrated to. Many of our people when asked about their dealings often go onto mention the donations they give to charities and the Zakaat and food parcels they give to fellow Muslims during the Holy month of Ramzaan. Do the poor Muslims only need money from Zakaat during the month of Ramzaan or do they also need money for the other 11 months of the year? Similarly, the food parcels may help them during the month of Ramzaan but what about the food they need for the other 11 months of the year. Others mention the masajid, madressas and dar-ul-ulooms they have built. The less well- off Muslims wherever they may live need masajid, madressas and dar-ul-ulooms but they also need regular incomes to live on, offer their prayers at the masajid, send their children to the madressas and dar-ulooms.

We feel all Surti Sunni Vohras and especially those who know about their own as well as their family members' economic activities should help fellow Muslims as well as those who are not Muslims to become self-supporting. We feel our Muslim brothers as well as sisters, wherever they may live are often seen lagging behind the others. Lack of education, lack of work-related training, lack of awareness raising work and lack of financial support and encouragement all play their parts to keep Muslims as well as other less privileged groups from getting respectable and reasonably well -paid work.

Our Vohra's economic progress, we need to accept, did not come about by dealing with or doing business with or employing people from the well-educated or economically well-off classes. Our economic progress can only be traced back to the economically disadvantaged and uneducated people. These are the people we Vohras need to support to allow them to find a foothold in a very fast changing world. ■

# દેશ - વિદેશના સમાચાર

## આલુંજ

**શાદી મંગણી:-** ઇરફાન યુનુસ ટોપીયા ની શાદી તડકેશ્વર મુકામે,સાજેદા શબ્બીરઅહમદ નોરાત ની શાદી દીવા મુકામે તથા સોહાના સીરાજ જોગીયાત ની મંગણી ભાદી મુકામે થઇ છે.

**પરદેશથી આગમન:-** શબ્બીર યાકુબ ટોપીયા યુ.કે. થી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** હુઝૈફા યુનુસ ટોપીયા તબ્લીગ જમાઅતમાં સા.આફ્રિકા, હનીફ ઇબ્રાહીમ નોરાત પેરીસ પરત તથા મુનાફ ઇકબાલ પટેલ વતનની મુલાકાત લઇ દુબઇ પરત ગયા છે.

**ખુશ આમદીદ(જન્મ):-** સરફરાઝ શૌકત જોગીયાત ને ત્યાં છોકરી નો જન્મ થયો છે.


Favourite™

We Also Sell

MUSAJI TEA since 1950

SINCE 1963 SHIPTON TEA

LIBERTY TEA CO.

Tea merchant | ચા ના વેપારી

Wholsale & Retail | છુટક તથા જથ્થાબંધ

Since 1947 Favourite Exim

Add.: 9/1960, Limda Chowk, Surat. 395003

+91 261 2423906 - Info@favouriteexim.com

જુના અને જાણીતા ફેવરીટ ગ્લાસ વેર વાળા : ૧૯૪૭


## મોટાવરાછા

**ઇન્તેકાલે પુરમલાલ:-** હાજી ઇબ્રાહીમ અહમદ દાદાભાઇ ઉ.વ. ૮૯ નો ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## વરીયાવ

**ઇન્તેકાલે પુરમલાલ:-** રઝીયા હાસીમ સદર (લવંગયા) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમન:-** અબ્દુલ હારૂન મણી, મેહમુદ (નાસીર) દાવુદ મપારા તથા ઇમ્તિયાઝ દાવુદ મપારા ફેમિલી સાથે વતનની મુલાકાત લઇ યુ.કે. પરત ગયા છે.

**અન્ય:-** તા.૨૮-૧૧-૨૦૨૧ ના રવિવારના રોજ વરીઆવ મહેફીલે નુરૂલ ઇસ્લામ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક માર્ગદર્શન તેમજ સન્માન સમારંભનું આયોજન કરવામાં


મસ્જીદ તથા મદ્રેસાઓ માટે ખુશ ખબર

અનેક જાતની વેરાઇટીઝ, લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એક્રેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

**નોંધ:** આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

-:: શો રૂમનું સરનામું ::-

આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ

૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ,
બાટા શુઝની સામે,ભરૂચ
ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪
મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯,૭૯૮૪૧૬૮૫૭૭

આવ્યું હતું. યુ.કે.થી પધારેલા દાતા જ.નાસીરભાઇ મપારા સા. કાર્યક્રમના પ્રમુખ રહયા હતા. કુર્આનની તીલાવત,નઝમ પછી સંસ્થાના સેક્રેટરી જ.ઉમર ભાઇમીઆં સા. એ મહેમાનો ને આવકાર્યા હતા. સંસ્થા અને ગામની ગતિ-વિધીનો સુંદર ચિતાર સંસ્થાના ઉપપ્રમુખ જ.સલીમ (સોહેલ) દાવજી સા.એ રજૂ કર્યો હતો. મુખ્ય મહેમાન તરીકે જહાંગીરપુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. રાઠોડ સા. તથા જ. ફારૂકભાઇ પટેલ સા. (કે.પી.) એ હાજરી આપી હતી.ફારૂકભાઇ કે.પી. એ સંસ્થાની કામગીરીને બિરદાવી હતી. સુરત મહાનગર પાલિકાના સેવા નિવૃત્ત થયેલા અધિકારી જ. એસ.ડી.બંગલાવાલા સા. તથા જ. એ.એ.મુલ્લા સા.નું એમની સેવાભાવી પ્રવૃત્તિ અને સહકાર બદલ સન્માનપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત જ.યુસુફભાઇ પટેલ સા. (સાવાવાલા) એ શિક્ષણના મહત્વ અંગે પ્રાસંગિક ઉદ્‌બોધન રજુ કર્યુ હતું. માજી સેક્રેટરી જ. મુસા ભાઇમીઆં સા. એ આ સમારંભના સુંદર આયોજન બદલ ટ્રસ્ટી મંડળની પ્રસંશા કરી હતી. જ.હનીફભાઇ ટેલર સા. એ સુંદર શૈક્ષણિક માર્ગદર્શન પુરૂ પાડયું હતું. હાફેઝ શોએબ વાડીવાલા સા.એ મુલ્ય શિક્ષણ વિશે પ્રવચન કર્યુ હતું. સમારંભના મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત જ.જાવીદભાઇ કરોડીયા સા. એ વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી,વાલીઓને માર્ગદર્શન આપી, સમાજને રાહ ચિંધ્વાના વિષયક પ્રેરણાત્મક પ્રવચન કરી મહેફીલે નુરૂલ ઇસ્લામ, વરીઆવની સમાજ સેવાને દિલથી બિરદાવી હતી. સમારોહમાં સર્વ સમાજના વિદ્યાર્થીઓને વિશેષ સિધ્ધી બદલ મોમેન્ટો,પ્રમાણપત્ર અને મેડલ આપી બિરદાવવામાં આવ્યા હતા.ખાસ કરી ચાલી રહેલ

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**શાદી મંગણી:-** મારીયા હારૂન બાસર આલીપોરવાલાની શાદીનું રીસેપ્સન બ્રેડફોર્ડમાં થયું છે. સુમૈયા મોહંમદ અમીન દાજી આલીપોરવાલાની શાદી હસન દાજી સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** આયશાબહેન યુસુફ મંગેરા માંગરોલવાલા નો બોલ્ટન-યુ.કે ખાતે તથા શાહનવાઝ અહમદ ઉમર માંગરોલવાલા નો લેસ્ટર-યુ.કે ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**અગમન:-** ફાતમાબહેન અ.હૈય રાવત ભટ્ટાઇવાલા કતાર જઇ પરત આવ્યા છે.


**બંગલો વેચવાનો છે.**

પટેલ વાડી, સ્ટેશન નજીક, જુના ગામ કોસંબા ખાતે ૪ બેડરૂમ, કીચન, હોલ, તથા તમામ ફર્નીચર સાથે કંપાઉન્ડવાળો બંગલો વેચવાનો છે.

**:: કોન્ટેક નંબર ::**

**૬૩૫૧૦ ૦૭૬૯૦**

જા. X ખ.

**સરનામું બદલાયું છે.**
**હવે અમારી નવી દુકાનમાં અવશ્ય પધારો.**

(દુકાન) : 0261-2452155
મો. ઉમર : 98794 56530
E-mail : libas1978@gmail.com

કફની - પાયજામા, પઠાણી સૂટ,
અરબી ઝબ્બાની "ઈન્ડીયન તેમજ ઈમ્પોર્ટિડ"
કાપડની વિશાળ રેન્જ મળશે.
**હજ માટે એહરામનું કાપડ, ટુવાલ અને બેલ્ટ મળશે.**
અમારી એક વખતની મુલાકાત ઈન્શાઅલ્લાહ આપને લાભદાયી થશે.

સ્થાપના : ૧૯૭૮
લિબાસ

જા. X ખ.

૧૨/૫૩૬, બડી મસ્જીદ (મરકઝ) ની સામે, રાણીતલાવ મેઈન રોડ, સુરત-૩. (ગુજરાત-ઈન્ડિયા)

કોવિડ-૧૯ ની મહામારીમાં ખડાપગે સેવા આપનાર પોલીસ અધિકારી,મહાનગરપાલિકાના અધિકારી તેમજ ગામના ડૉકટર રેહાના દાવજી સા. નું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત સંસ્થામાંથી નિવૃત્ત થયેલા કર્મચારી જ.વલી મોહંમદ પટેલ સા. ને પણ સન્માનીત કરવામાં આવ્યા હતા. સમાજ અને ગામ માટે યોગદાન આપનાર સૌ સમાજસેવીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખ સ્થાનેથી નાસીરભાઇ મપારા સા. તેમજ સંસ્થા વતી જ. આદિલ મમુન સા. એ સૌનો આભાર વ્યકત કર્યો હતો.સમારોહ પૂર્ણ થયે સૌને માટે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## રાંદેર

**શાદી મંગણી**:- અહમદ સુલેમાન હાંસની શાદી સગુફ્તા શાહનવાઝ ખાન સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ**:- આયશાબીબી (ગોરી)- હાસમ ભામની છોકરી તે કાસમ અહમદ જેલાની ની ઔરતનો રાંદેર ખાતે, મેમુનાબીબી અલી મોદન (મુન્નીમા મોદન) હાસીમ ઇબ્રાહીમ મોદનની છોકરીનો યુ.એસ.એ.ખાતે, આયશાબીબી (શીરીનબેન) - કાસમ બતાસીની છોકરીનો કોલકતા ખાતે તથા ફારૂકાબીબી - સુલેમાન અ.રહેમાન હાંસ્યાની છોકરીનો બલેશ્વર ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન**:- મી.એન્ડ મીસીસ અબુબકર મો. સાલેહ ભામ તથા અહમદ ઇબ્રાહીમ ભામ યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

**અન્ય**:- ધી રાંદેર મહેફીલે ઇસ્લામ કુતુબખાના ના સને ૨૦૨૧-૨૨ ના ટ્રસ્ટીઓ જ.સુલેમાન કાસીમ ભરૂચા સા.-પ્રમુખ,જ.અહમદ ભાઇમીયાં સા. - ઉપપ્રમુખ, જ. મહમુદ યાકુબ બપોરીયા સા.- સેક્રેટરી, જ. સોએબ મો.હસન સુરતી સા.- જો.સેક્રેટરી,જ.ઇરફાન અહમદ ઓલીયા સા.,જ.ઇબ્રાહીમ અહમદ જેલાની સા. તથા જ. મો.ઝકરીયા અહમદ હાંસ સા.-સભ્ય.

## વાંકાનેર

**ઇન્તેકાલે પુરમલાલ**:- મહમદ મુનાફ રફીક સુરતી ઉ.વ.આ.૪૫ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## ઇન્તેકાલે પુરમલાલ

- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **હાજી આઝમ દાદાભાઇ સા. - પ્રેસ્ટન - યુ.કે.** ના વાલીદ **હાજી ઇબ્રાહીમ અહમદ દાદાભાઇ સા. ઉ. વ. ૮૯** નો **તા. ૨૬-૦૮-૨૦૨૧** ના રોજ **મોટાવરાછા** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ.અ.સલામભાઇ પારેખ સા. - બલેશ્વર** ના જમાઇ **જ. મોહંમદ રફીક સુરતી સા.** નો **તા. ૦૩-૧૨-૨૦૨૧** ના રોજ **વાંકાનેર** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **મર્હુમ કારી ઐયુબ જીવા સા.** ના અહેલીયા **મોહતરમા આયશાબહેન** નો **તા. ૨૪-૧૨-૨૦૨૧** ના જુમ્આના રોજ **કોસંબા** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ માજી પ્રતિનિધી **જ. અ. કાદિર આઇ. સીદયોત સા.- રવિદરા** નો **તા. ૨૫-૧૨-૨૦૨૧** ના શનિવારના રોજ **રવિદરા** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ માજી પ્રતિનિધી **જ. યુનુસ મુસા પાંડોર સા.- ઇટાળવા** નો **તા. ૨૭-૧૨-૨૦૨૧** ના સોમવારના રોજ **ઇટાળવા** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**

---

**અલ્લાહપાક ઉપરોકત મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન**

**પરદેશથી આગમન :-** મહમુદ બસીર જસાત,ફુજેલ ઝુબેર દાટા,સાલેહ ઝુબેર દાટા, મુસ્તાક મહમદજી બોડીયાત,સમીમબેન યુસુફ તરાજીઆ યુ.કે.થી તથા હારૂન રફીક સુરતી કેનેડાથી આવ્યા છે.

**પરદેશ ગમન :-** જાવીદ મહમદ તરાજીઆ, મુબીરા ઇસ્માઇલ તરાજીઆ,ઇસ્માઇલ અ.હૈય તરાજીઆ, ઇસ્માઇલ મહમુદ સુરતી સા.આફ્રિકા તથા યુસુફ સાદેક તરાજીઆ યુ.કે. ગયા છે.

## આંકડોદ

**શાદી મંગણી :-** હન્ઝલા અ.રસીદ કાઝી (માસ્તર) ની શાદી ખરોડ મુકામે તથા અબરાર અહમદસઇદ કાઝી (માસ્તર) ની શાદી વસરાવી મુકામે થઇ છે.

## સાચણ

**શાદી મંગણી :-** ઇબ્રાહીમ ઇકબાલ ડાંગ્યાની શાદી દઢાલ મુકામે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** સલીમ મહમદ મોતાલા (સોલ્જર) ઉ.વ.આ. ૬૭ નો સા.આફ્રિકા ખાતે (ફરવા ગયા હતા) ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન :-** જુનેદભાઇ ઘાસવાલા યુ.કે.થી આવ્યા છે.

## સોસાયટીમાંથી સ્કોલરશીપ મેળવતા વિદ્યાર્થીઓ જોગ

**આપણી સોસાયટીમાંથી ચાલુ વર્ષ (૨૦૨૧-૨૦૨૨) માં સ્કોલરશીપ મેળવવા માટે જે વિદ્યાર્થીઓએ ધો.૧ થી લઇ કોલેજ સુધી ફોર્મ ભરેલા છે. અને હજુ સુધી સ્કોલરશીપ મેળવી નથી તેવા સ્કુલ /કોલેજના જે તે ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અસલ બોનોફાઇડ,રીઝલ્ટ ન મોકલ્યા હોય તો રીઝલ્ટની ઝેરોક્ષકોપી, ફી ભરેલ રસીદની અસલ તેમજ ઝેરોક્ષકોપી સોસાયટીની ઓફીસે મોકલી આપવા વિનંતી છે કે જેથી આપની સ્કોલરશીપ આપી શકાય. ચાલુ વર્ષની સ્કોલરશીપ ૩૦ માર્ચ સુધી જ આપવામાં આવશે. જે દરેક સ્કોલરોની જાણ માટે.**

## રમઝાન - ૨૦૨૧ માં ગામેગામથી મળેલી મદદ

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧૮,૬૦૦ | જ.મહમદ મહમુદ ભાણા પટેલ સા. | એકલેરા |
| ૩,૭૦૦ | જ. શકીલઅહમદ યુસુફ પટેલ સા. | કાંગવાઇ |

## આભાર સ્વીકાર

મે-૨૦૨૧ના અંકમાં આપણા વહોરા સમાચાર માટે કોમ્પ્યુટરમાં ટાઇપીંગની માનદ્ સેવા કરી આપનાર **અરૂણભાઇ પટેલ** માટે મદદ માટે વિનંતી કરેલી તેના અનુસંધાનમાં જે મદદ મળી છે. જેમના નામો અત્રે રજુ કરું છું.

રૂા. ૩૬,૦૦૦/- જનાબ મોહંમદભાઇ પટેલ સા. અને મિત્રો - યુ.એસ.એ.

હસ્તે :- જનાબ યુસુફભાઇ મોતાલા સા. - કેનેડા

એ મદદ કરી છે એમનો હું ઋણી છું. આ તો સ્વૈચ્છિક મદદની વાત હતી. સહકાર માટે આભાર.

આ મદદ એમના પરિવારને પહોંચાડી દીધી છે. **- મસ્ત મંગેરા**

## વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું

**વહોરા સમાચાર, સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**એકાઉન્ટ નંબર :- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩**

**IFSC CODE :- BARB0SUFIBA**

**નોંધ :- લવાજમના પૈસા બેંકમાં નાંખો ત્યારે મોબાઇલ નં. ૯૮૨૪૧ ૮૪૬૫૭ ઉપર જાણ કરશો.**

આપ સૌના સાથ,સહકાર, વિશ્વાસ અને સ્નેહનાં સથવારે
સફળતા પૂર્વક ૧૪ વર્ષથી માછલીપીઠ, લાલગેટ, સુરત ખાતે કાર્યરત



# ડૉ.(મીસીસ) બીજલ બી. લશ્કરી

બી.ડી.એસ.,એમ.ડી.એસ. (અમદાવાદ) કન્સલ્ટન્ટ ડેન્ટલ સર્જન

## શીફા મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ કલીનીક

**સહર્ષ આપની સેવામાં હવેથી નવા નામ, નવા સરનામે નવા રંગરૂપ સાથે પ્રસ્તુત કરે છે.**

EXCELLENCE IN DENTISTRY

# WORLD OF SMILES Oral & Dental Care Centre

**૧૧/૧૧૭૧, દરિયામહેલ લેન,જીલ્લા પંચાયતની સામે,નાણાવટ ચાર રસ્તા, મુગલીસરા, સુરત - ૩૯૫૦૦૩, સંપર્ક :- Cell : 63520 07253, 92281 32541**

**નવા દવાખાનાની વિશેષતાઓ :** ● નાણાવટ ચાર રસ્તા, દરિયામહેલ જેવા શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત (જુના દવાખાનાથી માત્ર ૮૦૦ મીટરના અંતરે) ● સંપૂર્ણ A.C.કિલનીક ● લિફટની સગવડ ● દાંત સારવાર માટેના તમામ શ્રેષ્ઠ સાધનો સગવડોથી સજ્જ ● બાળકોની દાંતની તમામ સારવાર માટે અલગ કેબીન/ સાધનો ચેર-યુનિટ,સુંદર લાઇટીંગ, મજાનાં રમકડાં, રંગબેરંગી દિવાલો, ગેમ્સ વગેરેના કારણે બાળકોની દાંતની તમામ સારવાર તેમજ માતા પિતા માટે પણ સુખદ અનુભવ ● પાર્કિંગ માટે પુરતી જગ્યા.



**સ્ત્રીઓ માટેની વિશેષતાઓ:**

● કવોલીફાઇડ અને અનુભવી લેડી ડેન્ટીસ્ટ (MDS) અને લેડી આસીસ્ટન્ટ દ્વારા દાંતની તમામ સારવાર.

**કલીનીક નો સમય : સોમવાર થી શનીવાર બપોરે 11.30 થી સાંજે 6.30**

## વર્લ્ડ ઓફ સ્માઇલ્સ ઓરલ એન્ડ ડેન્ટલ કેર સેન્ટરમાં ઉપલબ્ધ સુવિધાઓ

❀ પીડા રહીત રીતે દાંત-દાઢ પાડવો/રહી ગયેલા મૂળ કણી કાઢવી.❀ સડેલા દાંતમાં સિમેન્ટ - ચાંદી પુરવી/લાઇટ કયોર ટ્રીટમેન્ટ (દાંતના રંગનું ફિલીંગ) ❀ સડેલા દાંત બચાવવા માટે દાંતના મૂળની સારવાર રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (R.C.T.) ❀ એક્ષ-રેની સુવિધા ❀ દાંતની સફાઇ (સ્કેલીંગ) ❀ પાયોરીયા તથા પેઢાના અન્ય રોગોની સારવાર ❀ દર્દીઓને ઇન્ટ્રાઓરલ કેમેરા દ્વારા ટી.વી.સ્ક્રીન પર તેમના દાંત તથા મોઢાની તકલીફોનું પ્રત્યક્ષ નિદર્શન ❀ કાઉન તથા બીજ (ખોલી અને ફિકસ ચોકઠુ) ❀ આખું કે આંશિક ચોકઠુ (બત્રીસી) ❀ પીળા દાંત તથા દાંતના ડાઘની સારવાર (પોલીશીંગ,વ્હાઇટનીંગ) ❀ ડહાપણની દાઢની સારવાર ❀ સગર્ભા સ્ત્રીઓમાં થતાં દાંતના પ્રશ્નો,જેવા કે દાંતનો સડો,પેઢા ફુલી જવા,પેઢામાંથી લોહી નીકળવું, મો ની દુર્ગંધ, આવનાર બાળકના દાંતની તન્દુરસ્તી માટે માર્ગદર્શન ❀ બાળકોમાં થતા દાંતના પ્રશ્નો,જેવા કે દૂધિયા દાંત સડવા,ખોટી આદતોથી વાંકાચૂકા દાંત ઉગવા, સડેલા દાંતમાં ચાંદી અને RCT

**કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રી-સ્માઇલ ડિઝાઇનીંગ** (લેસર બ્લીચીંગ,વિનીયરીંગ, કમ્પોઝીટ ફિલીંગ, ગન સર્જરી) ❀ પાન,તમાકુ,ગુટખાને લીધે ન ખુલતા મોંની સારવાર ❀ ઠંડા પીણા, આઇસ્કીમ ખાતા દાંતમાં થતી ઝણઝણાટી, દુ:ખાવો વિગેરે સારવાર ❀ માત્ર ૩૦ મિનિટમાં આપના દાંતને મોતી જેવા સુંદર બનાવતી ❀ અત્યાધુનિક સારવાર (ડેન્ટલ બ્લીચીંગ) ❀ ડેન્ટલ ઇમ્પ્લાન્ટ્સ (સ્ક્રુ વડે કાયમી દાંત બેસાડવા) કેબીન/ સાધનો, ચેર યુનિટ ❀ અત્યાધુનિક ક્રાંતિકારી લેસર વડે દાંતની સારવાર ચમત્કારીક પીડારહિત પરિણામો સાથે

જા. X ખ.




કોસ્મેટીક્સ



ડેન્ટલ ઇમ્પ્લાન્ટસ્



સ્માઇલ્સ ડીઝાઇનીંગ



ડેન્ટલ વ્હાઇટનીંગ




ઓર્થોડોન્ટીક

# વર્ષો જુની એસીડીટીથી છૂટકારો



## ડો. રામરક્ષ પાલ રાજપૂત

**M.S., F.N.B.**
લેપ્રોસ્કોપીક સર્જન
દરરોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦




## શું આપને

- ખૂબ જ એસીડીટી છે ?
- ખાટાં ઓડકાર વારંવાર આવે છે ?
- એસીડીટીની દવા ઘણા સમયથી લેવી પડે છે ?
- જમ્યા પછી ઉલટી થાય છે ?
- જમ્યા પછી ભોજન ઉપર આવે છે ?
- છાતીમાં તથા પેટમાં બેચેની અનુભવાય છે ?
- રાત્રે ઉંઘ માંથી ઉઠી જવું પડે છે ?
- ગળામાં બળતરા થાય છે ?

## તો આપને

# હાઈટસ હર્નીયા

**(જઠર અને અન્નનળીને જોડતા વાલ્વમાં ઢીલાશપણું) હોય શકે.**

એન્ડોસ્કોપીની તપાસથી નિદાન અને હાઈટસ હર્નીયાનાં ઓપરેશનથી સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરી શકો છો.

**ઓપરેશન થયાને એક દિવસમાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ**

**દરેક કંપનીની કેશલેશ તથા મેડીકલેમ સુવિધા ઉપલબ્ધ**

## વધુ માહિતી માટે : 93276 60123

## યશફીન કાર્ડીયાક હોસ્પિટલ – નવસારી

મોરારજી દેસાઈ માર્કેટની સામે, મુ.પો. વીરાવળ, નવસારી. ફોનઃ (02637) 235726, 235727
www.yashfeenhospital.in, E-Mail : info@yashfeenhospital.in

## DONATION RECEIVED FROM CANADA

We are glad to announce that we have received **$ 4725/-** Canadian Dollar by our society for Ramadan Collection 2021. Jazakumullah.

We are highly grateful to **JANAB YUSUFBHAI MOTALA SAHEB, JANAB AIYUBBHAI VOHRA BANGI SAHEB, JANAB MAJIDBHAI SARIGAT SAHEB & JANAB SHOKATBHAI SAVAI SAHEB CANADA** for his outstanding services collection drive and we are also thankful to all donors for their kind help.

May Allah accept your charity and bring Peace, prosperity and good health in this life and give best rewards in both the worlds. Ameen.

### LIST OF DONORS

| NAME | DOLLAR | PART. |
|---|---|---|
| RizwanDarsot | 100 | Zakat |
| ZuberBulbulia | 50 | Zakat |
| Salim M. Savai | 100 | Zakat |
| ArifBaiyat | 50 | Sadqah |
| One Muslim Brother | 500 | Z+Lil. |
| Ahmed BhaiHotelwala | 20 | Zakat |
| Salman Patel | 50 | S+ Lil. |
| Sister Sumaiya | 125 | Sadqah |
| SirajBhaiHafejee | 100 | Zakat |
| ZuberDarsot | 50 | Zakat |
| Musa BhaiBaiyat | 50 | Zakat |
| SadikGarasia | 20 | Zakat |
| IqbalBhai Patel | 15 | Zakat |
| ZuleikaBhula | 50 | Zakat |
| IlyasBhaiBhula | 50 | Zakat |
| Ismail Mal | 50 | Zakat |
| Ali Bhai Patel | 20 | Zakat |
| A. Hai Kaka | 20 | Zakat |
| SulemanHotelwala | 40 | Zakat |
| KasimBhai Kara | 50 | Zakat |
| YunusKuwadia | 50 | Zakat |
| MehboobBhaiBulbulia | 50 | Zakat |
| A. HaiMulla | 25 | Zakat |
| Hafejee Mohamed Patel | 50 | Zakat |
| YakubBaiyat | 25 | Zakat |
| IrfanSavai | 100 | Zakat |
| MoulanaEesa | 20 | Lillah |
| AhmadiMulla | 20 | Zakat |
| Mohamed Sarkar | 120 | Z+S |
| Hajee Ismail Bhamjee | 20 | Zakat |
| Hafiz Umar Bhamjee | 25 | Zakat |
| Mo. Ahmed Bhamjee | 50 | Zakat |
| IdrisMakrod | 50 | Zakat |
| AltafIngar | 50 | Zakat |
| Moulana Sohel Motala | 50 | Zakat |
| Zuleika Motala | 50 | Z+S+Lil |
| Surayya Vohra | 25 | Sadqah |
| Ayyub Vohra Bangi | 175 | Z+ S |
| Ismail Bhai Patel Bodhanwala | 200 | Zakat |
| Sumaiya Motala | 25 | Sadqah |
| Yusuf Patel | 10 | Lillah |
| Hamida Motala | 30 | Z+S+Lil |
| Bombay Foods | 50 | Sadqah |
| FaridDaya | 25 | Sadqah |
| ZiyaBhai | 20 | Lillah |
| AdilaHafeji | 20 | Sadqah |
| Ahmed | 15 | Sadqah |
| Yakub A. Hai | 10 | Sadqah |
| Zaheda Navlakhi | 5 | Lillah |
| One Muslim Sister | 20 | Sadqah |
| Yusuf Bhai | 5 | Sadqah |
| IqbalBhai | 20 | Sadqah |
| ZuberBhai | 20 | Sadqah |
| MajeedSarigat | 30 | Lillah |
| SuhelHarif | 100 | Sadqah |
| Imran Bachcha | 150 | Zakat |
| SaeedBhai | 100 | Zakat |
| Ayesha Limbada | 25 | Zakat |
| Noman Randeri | 45 | Z+Sa |
| SoyabChohan | 50 | Zakat |
| SulemanLambat | 20 | Zakat |
| AyyubBhaiKalang | 25 | Zakat |
| Ibrahim Lambat | 25 | Zakat |
| Mohamed SalimAsmal | 50 | Zakat |

| NAME | DOLLAR | PART. |
|---|---|---|
| AfzalBhaiManjara | 20 | Zakat |
| KhatijaEssak | 20 | Zakat |
| IrfanBhula | 20 | Zakat |
| Mohamed Saeed Mall | 20 | Lillah |
| Mohamed Ali Hatia | 10 | Zakat |
| Yusuf Hatia | 25 | Zakat |
| Imran M. Hatia | 40 | Zakat |
| AyyubEshakVadia | 100 | Lillah |
| Ilyas Motala | 50 | Zakat |
| One Muslim Brother | 50 | Zakat |
| AyubBhaiKalanak | 20 | Zakat |
| Rizwan Sheikh | 5 | Lillah |
| Marhum Amina Abu Bakr Patel | 50 | Lillah |
| GulamBhaiPanchati | 100 | W.Fun |
| Ahmed G. Panchati | 100 | W.Fun |
| Irfan G. Panchati | 50 | W. Fun |
| Abu Bakr G. Panchati | 50 | W. Fun |

| NAME | DOLLAR | PART. |
|---|---|---|
| A. Kadar Bhai Mal | 20 | Zakat |
| Ayyub Patel | 10 | Zakat |
| YakubBhaiButwala | 20 | Zakat |
| MustaqBharucha | 30 | Sad. |
| Saeed& Jahangir | 20 | Lillah |
| Mubarak &IrfanBhaiji | 20 | Lillah |
| Suhellatwala | 20 | Sadqah |
| Zuber Motala | 50 | Zakat |
| Suhana Patel | 20 | Zakat |
| Mohamed HanifBangi | 45 | Sadqah |
| ShokatSavai | 50 | Sadqah |
| OveshSarigat | 20 | Zakat |
| Mohamed Bhaiyat | 50 | Zakat |
| One Muslim Brother | 20 | Sadqah |
| One Muslim Brother | 20 | Sadqah |
| One Muslim Brother | 20 | Sadqah |

### મુસ્લિમ સમાજનું ગૌરવ

# GPSCની પરીક્ષામાં પાસ થઈ GST વિભાગમાં આસિ. કમિ.નો હોદ્દો મેળવ્યો

ભરૂચ, તા.૨૫

ભરૂચના નવલોહિયા મુસ્લિમ યુવાન રીઝવાન પટેલે જીપીએસસીની પરીક્ષામાં જવલંત સફળતા મેળવી જીએસટી વિભાગમાં આસિસ્ટન્ટ કમિશનરનો હોદ્દો ધારણ કરતા તેના પરિવાર અને સમાજમાં ખુશીનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

ભરૂચના મરીયમ પાર્ક સોસાયટીમાં રહેતા મૂળ મનુબર ગામના ઈકબાલભાઈ પટેલના પુત્ર રીઝવાને અનેરી સિદ્ધિ હાંસલ કરી પરિવારનું અને સમાજનું નામ રોશન કર્યું છે. જનરલ સ્ટોર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ઈકબાલભાઈના પુત્ર રીઝવાને એમએસસી બાયોટેક્નોલોજી કરી ૨૦૧૭થી જીપીએસસી પરીક્ષામાં ઝંપલાવ્યું હતું. બેવાર નિષ્ફળતા મળવા છતાં કંઈક કરી બતાવવાની ઝંખના સાથે રીઝવાને પ્રોગ્રેસીવ વ્હોરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ક્લાસીસમાં સતત અભ્યાસ ચાલુ રાખી સાથે-સાથે પોતાની મહેનત અને લગનથી



જીપીએસસી પરીક્ષાના ત્રણેય પડાવ પાર કરી અંતે જીએસટી ડીપાર્ટમેન્ટમાં આસિસ્ટન્ટ કમિશનરનો મોભાદાર હોદ્દો ધારણ કર્યો હતો. તેઓએ બાયોટેકનોલોજી વિષયમાં એમ.એસસી કરેલ છે. આ ઉપરાંત સીએસઆઈઆર-યુજીસી નેટની પરીક્ષામાં પણ સમગ્ર ભારતમાં ૩૧મો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો અને હાલમાં કોસંબા સ્થિત ઈ.ઈ. દાવજી મેમોરિયલ શાળામાં જીવવિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. નોકરીની સાથે ધીરજપૂર્વક સખત પરિશ્રમથી આ જ્વલંત સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. ગુજરાત ટુડે સાથે વાતચીતમાં રીઝવાનભાઈએ સમાજના ગ્રેજ્યુએટ યુવાનોને સંદેશ પાઠવતા જણાવ્યું હતું કે, આપણા યુવાનો દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યા છે પરંતુ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આપણી હિસ્સેદારી નહીવત છે ખરેખર યુવાનોએ આ દિશામાં આગળ વધવું જોઈએ જેમાં સરકારી નોકરીની ઉજ્વળ તકો રહેલી છે. ઉલ્લેખનીય છે કે, રીઝવાનની આ સિદ્ધિથી સમાજમાં હર્ષની લાગણી વ્યાપવા પામી છે.

જીપીએસસી દ્વારા આજરોજ ગુજરાત વહીવટી સેવા કલાસ ૧ અને ૨ ૨૨૪ જગ્યાઓનું પરિણામ જાહેર કરાયુ. ઓફિસર તરીકે પસંદગી થનારા અન્ય મુસ્લિમ યુવાઓ જેમાં રિઝવાન ઈકબાલ પટેલ - આસિસ્ટન્ટ કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ રેન્ક ૩૩, અફઝલભાઈ રજાકભાઈ ગુંડીગરા - ડિસ્ટ્રીકટ ઈન્સ્પેક્ટર લેન્ડ એન્ડ રેકોર્ડ્સ રેન્ક ૧૧૨, રેશ્મા દાઉદભાઈ સંઘરીયાત - ડેપ્યુટી ડાયરેક્ટર શિડયુલ કાસ્ટ વેલફેર રેન્ક ૧૭૫, ગઝાલા ઘાંચી - સ્ટેટ ટેક્સ ઓફિસર રેન્ક ૧૭૮નો સમાવેશ થાય છે.

## શાદી મુબારક

● આપણી સોસાયટીના મધ્ય વિભાગના ઉપપ્રમુખ **જ. અ.સમદભાઇ બલેસરીયા સા. (પાલાવાલા) નવાપુર** ના નવાસા **અ. મુજતબા ફીરોજ અહમદ બલેસરીયા** ની શાદી **તા.૦૪-૧૨-૨૦૨૧** ના **શનિવાર** ના રોજ **નવાપુર** મુકામે સમીહા મો.સલીમ ટીમોલ સાથે થઇ છે. વલીમા **તા.૦૫-૧૨-૨૦૨૧** ના **રવિવાર**ના રોજ રાખવામાં આવ્યો હતો. આ ખુશીના પ્રસંગે સોસાયટીના કાર્યકર્તાઓ હાજર રહી નવદંપતીને તથા તેમના વાલેદૈનને મુબારકબાદી આપી હતી.

● આપણી સોસાયટીના મેનેજીંગ કમિટીના સભ્ય **જ. મુસા યુસુફ પટેલ સા. સરૈયા** ની નેક ફરજંદ **યુસુફ** ની શાદી **તા.૩૧-૧૨-૨૦૨૧** ના **શુક્રવાર** ના રોજ **મોટાવરાછા** મુકામે **ખતીજા ઝહીર ફીટર** સાથે થઇ છે. વલીમા **તા.૦૨-૦૧-૨૦૨૨** ના રવિવારના રોજ રાખવામાં આવ્યો હતો. આ ખુશીના પ્રસંગે સોસાયટીના કાર્યકર્તાઓ હાજર રહી નવદંપતીને તથા તેમના વાલેદૈનને મુબારકબાદી આપી હતી.

**અલ્લાહપાક ઉપરોકત દુલ્હા -દુલ્હનની જોડીને આબાદ અને સુખી રાખી મોહબ્બતથી ભરપૂર લાંબુ આયુષ્ય બક્ષે અને બન્ને ખાનદાનમાં મોહબ્બત અતા ફરમાવે.આમીન.**

## મુબારકબાદ



તા.૧૬-૧૨-૨૦૨૧ થી તા.૧૯-૧૨-૨૦૨૧ એસ.એમ.સી. કોમ્યુનીટી હોલ કતારગામ સુરત ખાતે સ્પોર્ટસ એસોસીએશન ઓફ ગુજરાત ફાઉન્ડેશન અને સુરત સીટી પોલીસ દ્વારા યોજાયેલ રાજય સ્તરની પાવર લીફટીંગની સ્પર્ધામાં ૧૪ રાજયમાંથી ૬૫૦ જેટલા રમતવીરોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત વતિ માસ્ટર ૮૩ વજન કેટગરીમાં **દાવુદ યુસુફ અમલા રાંદેર** એ ત્રણ સ્પર્ધામાં ભાગ લીધો હતો. **બેન્ચ પ્રેસ** જેમાં **સીલવર મેડલ,ડેડ લીફટ** જેમાં **સીલ્વર મેડલ** તેમજ **પાવર લીફટીંગ** જેમાં રજત મેડલ મેળવ્યો છે.તે બદલ મુબારકબાદ.



સુરત ડિસ્ટ્રીકટ વેઇટ લીફટીંગ એસોસીએસન દ્વારા તા.૧૪-૧૧-૨૧,૨૧-૧૧-૨૦૨૧ તથા તા.૨૮-૧૧-૨૦૨૧ ના આયોજીત ગુજરાત સ્ટેટ વેઇટ લીફટીંગ ચેમ્પીયનશીપ માં ૬૭ કિ.ગ્રા. વર્ગમાં વાંકાનેર નિવાસી **ઝૈડ યુસુફ માંકડા** એ ત્રણ વખત પ્રથમ સ્થાન મેળવ્યો છે તે બદલ મુબારકબાદ.



**એચ.એસ.સી.- ૨૦૨૧**

**ફુજેલ ગુલામ પીંઢારીયા**

**ગામ:- વાલોડ**

**૭૯.૦૭ ટકા (સાયન્સ)**

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાનીફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે આપેલ મોબાઇલ નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપર સંપર્ક કરવો.

**મો.અસલમ પટેલ - મોબાઇલ નંબર** 098241 84657

● E-mail:-vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com

## વહોરા સમાચારના જાહેરાતના દરો

**આખુ પેજ રૂા. ૨૦૦૦** **અડધુ પેજ રૂા. ૧૨૦૦** **પા પેજ રૂા. ૬૦૦**

**નોંધ:- વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિકકા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.**

## વહોરા સમાચાર પ્રતિનિધી જોગ

**વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.**

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

આપણું સામયિક વહોરા સમાચાર પેપર ઘણું ખોટમાં ચાલી રહયું છે એની ખોટ સરભર કરવી ખૂબજ મુશ્કેલ છે.ઘણાં દિલગીર સાથે જણાવવાનું કે આપણા ઘણાં ભાઇઓનું વર્ષોથી લવાજમ આવ્યું નથી. ઉપરાંત સરકારશ્રી તરફથી પોષ્ટલ ચાર્જમાં પણ ખૂબ જ વધારો કરવામાં આવ્યો છે. જેથી આપણા વહોરા સમાચાર પેપરના ગ્રાહકોને જાણ કરવામાં આવે છે કે જે ભાઇનું લવાજમ વર્ષોથી બાકી છે એમને નમ્ર વિનંતી કરીએ છીએ કે આપનું બાકી લવાજમ તાકીદે મોકલી આપી સંસ્થાને મદદરૂપ થઇ આભારી કરશો.

આથી વહોરા સમાચારના વાંચકગણને જણાવવામાં આવે છે કે હાલની કારમી મોંઘવારીના કારણે ના છૂટકે વહોરા સમાચારના લવાજમમાં નજીવો વધારો કરવામાં આવ્યો છે. જેમાં આપ સાહેબનો પુરેપુરો સહકાર મળી રહેશે એવી અભિલાષા.

**દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૨૦૦**
**દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૩૦૦૦**

**પરદેશમાં વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦૦**
**પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૫૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦)**

**નોંધ:- આથી સંસ્થાના કમિટી મેમ્બરો તેમજ ગામે-ગામના પ્રતિનિધીઓને વિનંતી કરવામાં આવે છે કે આપના ગામમાં ઘેર-ઘેર વહોરા સમાચાર પેપર આવે અને સોસાયટીની પ્રવૃત્તિઓથી માહીતગાર થાય તે માટે વધુ ને વધુ નવા ગ્રાહકો અથવા લાઇફ મેમ્બરો બનાવી આભારી કરશો. આપના સહકારના અભિલાષી.**

## You Can Make Your Donation To The Following Bank Account

### DONORS FROM ABROAD

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**
**STATE BANK OF INDIA**

| | | |
|---|---|---|
| ACCOUNT NO | : | (FCRA - SAVINGS BANK A/C.) 40159386675 |
| BRANCH CODE | : | 00691 |
| IFS CODE | : | SBIN0000691 |
| BANK SWIFT CODE | : | SBININBB104 |
| BANK ADDRESS | : | FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch -11, Sansad Marg, New Delhi-110001 (INDIA). |

### FOR DONORS FROM INDIA

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**
**UNION BANK OF INDIA**

**ACCOUNT NO : (CURRENT ACCOUNT) 311301010030025 IFS CODE : UBIN0531138**
**BANK ADDRESS : Unapani Road, Station Road Branch, Surat-3**

## આપણા સમાજનું ગૌરવ



**B.Sc**

**વાલોડ** ના વતની **તહુરા ગુલામ પીંઢારીયા** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ **B.Sc** ની પરીક્ષા ગર્વમેન્ટ સાયન્સ કોલેજ, વાલોડમાંથી ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

Phon e No.0091-261-2420097/2424458

JANUYARY -2022

VOHRA SAMACHAR

VALID UPTO 31-12-2023.
Licence No.040 inland 081 For Foreign

PUBLISHED ON LAST DATE OF EVERY-
MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57"Registerd No.SRT-004/2021 -2023"
2000 Copies Posted at SR RMS at 3rd of Every mon th

on date of postin g 03 - 01 - 2022

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**
દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૨૦૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂા.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૩૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૫૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂા.૨૦.૦૦

# ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતની વાર્ષિક જનરલ મિટીંગ

ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતની **૭૪ મી** વાર્ષિક જનરલ મિટીંગ **તા.૧૩/૦૨/૨૦૨૨** ના **રવિવારના** રોજ **સવારે ૧૦.૩૦ કલાકે ડૉ. જી.આઇ.મોતાલા ટેકનીકલ કેમ્પસ (એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ) કોસંબા, તા. માંગરોલ, જી. સુરત** મુકામે રાખવામાં આવી છે.

**આ મિટીંગમાં સોસાયટીના પેટ્રન, વા.પેટ્રન, લાઇફ મેમ્બર, ગામેગામના પ્રતિનિધીઓ અને કો.ઓપ્ટ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.**

## એજન્ડા

કાર્ય: ૧ — **૭૩ મી** વાર્ષિક જનરલ મિટીંગની મીનીટ્સ જે વહોરા સમાચારના **માર્ચ-૨૦૨૧** ના અંકમાં પ્રગટ કરવામાં આવી છે તેને બહાલી આપવા બાબત.

કાર્ય: ૨ — **સને ૨૦૨૦ - ૨૦૨૧** નો સોસાયટીનો વાર્ષિક અહેવાલ વાંચનમા લઇ મંજૂરી આપવા બાબત.

કાર્ય: ૩ — **સને ૨૦૨૦ - ૨૦૨૧** નો ઓડીટ થયેલા હિસાબ અને રીપોર્ટ જે સર્વે સભ્યો સાહેબોને મોકલવામાં આવ્યો છે તેને મંજૂર કરવા બાબત.

કાર્ય: ૪ — બોર્ડ ઓફ કાઉન્સિલે મંજૂર કરેલ **૨૦૨૨-૨૦૨૩** ના વર્ષ માટેના અંદાજી બજેટને મંજુરી આપવા બાબત.

કાર્ય: ૫ — એ સિવાય બંધારણની કલમ ૧૮-૨ અનુસાર આવ્યા હોય તે.

## બંધારણ કલમ : ૧૮-૨

**વાર્ષિક જનરલ મિટીંગમાં બીજી કોઇ પણ બાબત ઓન. જોઇન્ટ સેક્રેટરીને ઓછામાં ઓછા ૮ દિવસ પહેલા લેખિત ખબર આપી ન હોય તે રજૂ કરવા દેવામાં આવશે નહીં સિવાય કે પ્રમુખ સાહેબની પરવાનગી મેળવી હોય.**

**સોસાયટીના દરેક મેમ્બરને સોસાયટીની કાર્યવાહી, હિસાબ અગર બજેટ એસ્ટીમેન્ટ વિગેરે અંગે જે કાંઇ પ્રશ્ન કે ખુલાસો જોઇતો હોય તો સંસ્થાની ઓફીસે બંધારણની કલમ ૧૮-૨ સુચના અનુસાર લખી જણાવે. જેથી તે વિગત સહેલાઇથી એકઠી કરી શકાય અને સંબંધિત ચોપડા કે ફાઇલ પણ જરૂર પડયે રજુ કરી શકાય. પ્રશ્ન અગર ખુલાસો પૂછવામાં સંયમ જળવાય અને ભાષા પર કાબૂ રહે અને સોસાયટીને નુકશાન ન થાય તેની કાળજી રાખવી જરૂરી છે.**

**અહમદ મહમદ ઉનીયા**
**પ્રમુખ**
**ધી સુ.સુ.વ.મુ.એજયુ.સોસાયટી, સુરત**

**તા.૦૧ /૦૧/૨૦૨૨**